Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:219 Dt.28-06-2021 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

### જમ્મુની માર્કેટમાં બોમ્બ હુમલો કરવાનું લશ્કર એ તોઈબાનું કાવતરૂ નિષ્ફળ

# જમ્મુનાં એરબેઝ પર ડ્રોન હુમલાથી સરકાર એલર્ટ

## તપાસ માટે એનઆઈએ ટીમ પહોંચી

### કાલચૂક મિલેટ્રી બેઝ પર દેખાયા ૨ ડ્રોન આર્મીના ફાયરિંગ પછી અંધારમાં ગાયબ

### ભરચક માર્કેટમાં વિસ્ફોટ કરવાનું કાવતરૂ હતું; તોઈબાનો આતંકવાદી ઝબ્બેઃ વધુ કેટલાંક પકડાશે



(એજન્સી સમાચાર)
જમ્મુ કાશ્મીર, તા.૨૮

આતંકીઓએ ફરી એકવાર ડ્રોન દ્વારા સૈન્ય વિસ્તારને ટાર્ગેટ કરવાનો પ્રયત્ન કર્યો છે. જમ્મુમાં એરપોર્ટ સ્ટેશન પર ડ્રોન હુમલાના બીજા જ દિવસે આતંકીઓએ મિલિટરી સ્ટેશન પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જમ્મુના કાલુચક મિલિટરી સ્ટેશન પર ૨ ડ્રોન જોવા મળ્યા છે. જોકે સેના અલર્ટ પર જ હતી અને ડ્રોન દેખાતાં જ સેનાએ એના પર ૨૦-૨૫ રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું.

સેનાએ ફાયરિંગ કર્યા પછી ડ્રોન અંધારામાં ગાયબ થઈ ગયા હતા.

DD ન્યૂઝના જણાવ્યા પ્રમાણે રવિવારે રાતે ૧૧.૩૦ વાગે અને સવારે ૧.૩૦ વાગે અનમેન્ડ એરિયલ વ્હિકલ (UAV) મિલેટ્રી બેઝ પર જોવા મળ્યા હતા. ત્યારપછી સેના એલર્ટ થઈ ગઈ છે. ફાયરિંગ પછી ડ્રોન ગાયબ થઈ ગયું હતું. હાલ સેના સર્ચ-ઓપરેશન કરીને ડ્રોનની તપાસ કરી રહ્યા છે.જમ્મુના એરબેઝ પર બૉંબ ધડાકાની ઘટનાથી સરકાર-તંત્ર ખળભળી ઉઠયા છે. ત્યારે શહેરમાંથી છ બોમ્બ સાથે બે ત્રાસવાદીઓને ઉઠાવી લેવામાં આવ્યા છે તેને પગલે જમ્મુને ધણધણાવવાનુ-રક્તરંજીત કરવાનુ મોટુ ષડયંત્ર ઘડાયાની આશંકા વ્યકિત કરવામાં આવી રહી છે.

કાશ્મીરમાં રાજકીય-ગતિવિધી સહીતની પહેલ કરવા વડાપ્રધાન મોદીએ યોજેલી બેઠક બાદ ત્રાસવાદી ઘટનાક્રમ શરૂ થયો હોય તેમ ત્રણ દિવસમાં ત્રણ હુમલા થયા છે.

જમ્મુનાં એરબેઝ પર ડ્રોનથી હુમલો પ્રથમ વખત હોવાથી સરકાર ખળભળી ઉઠી છે. એનઆઈએને તપાસ સોંપવામાં આવી છે.આ ઘટનાક્રમ વચ્ચે જમ્મુની ભરચકક માર્કેટમાં બોમ્બ હુમલો કરવાનું લશ્કર-એ-તોયબાનુ કાવતરૂ નિષ્ફળ બનાવવામાં આવ્યું છે. અને ૫ થી ૬ કિલો વજનના બૉંબ સાથે એક ત્રાસવાદીની ધરપકડ કરીને ઘનિષ્ટ પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ વધુ ધરપકડ થવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે આ ઉપરાંત નરવાલ વિસ્તારમાંથી અન્ય એક ત્રાસવાદીની ધરપકડ કરીને પાંચ બોમ્બ કબ્જે કરવામાં આવ્યા હતા.

જમ્મુ એરબેઝ પર હુમલાની ઘટનામાં યુપીએપી કાયદા હેઠળ ગુનો દાખલ કરવામા આવ્યો છે. ભલે આ હુમલામાં કોઈ મોટુ નુકશાન થયુ ન હતું. પરંતુ આ પ્રકારનો પ્રથમ હુમલો હોવાથી તથા ભવિષ્યનાં ખતરાને ધ્યાને રાખીને નેશનલ ઈન્વેસ્ટીગેશન ટીમને દોડાવવામાં આવી છે એરમાર્શલ વિક્રમસિંઘ પણ તપાસ માટે જવાની શકયતા છે.અધિકારીઓએ વધુમાં કહ્યું કે, પહેલો વિસ્ફોટ શનિવાર મોડી રાત્રે ૧:૪૦ વાગ્યાની આસપાસ થયો, જયારે બીજો તેની ૬ મિનિટ બાદ થયો. તેમણે જણાવ્યું કે આ બોમ્બ વિસ્ફોટમાં બે વાયુસેના કર્મી ઘાયલ થયા છે.

# બાંગ્લાદેશની રાજધાની ઢાંકામાં વિસ્ફોટ

## સાત લોકોના મોત, ૫૦ થી વધુ ઘાયલ

(એજન્સી સમાચાર)
બાંગ્લાદેશ, તા.૨૮

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ગઈકાલે રવિવારે સાંજે એક વિસ્ફોટમાં સાત લોકોના મોત નીપજયા હતા અને ૫૦ જેટલા ઘાયલ થતા તેમને હોસ્પીટલે ખસેડાયા હતા. જેમાં બેની હાલત ગંભીર છે. વિસ્ફોટનું કારણ હજી બહાર નથી આવ્યુ.વિસ્ફોટ એટલો તો જોરદાર હતો કે સાત ઈમારતો ક્ષતીગ્રસ્ત થઈ ગઈ હતી.ઢાંકાની મોધ બજાર વિસ્તારમાં એક ઈમારતમાં આ વિસ્ફોટ થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે જે ઈમારતમાં વિસ્ફોટ થયો તેમાં ફાસ્ટ ફૂડની એક દુકાન હતી.

ખબરો મુજબ દુકાનમાં ગેસ પાઈપલાઈન કે ગેસ સીલીન્ડરમાં કોઈ ખરાબીનાં કારણે વિસ્ફોટનું અનુમાન લગાવાઈ રહ્યું છે. વિસ્ફોટની ઘટનાને પગલે ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.



# રાજકોટમાં કોરોનાના વળતા પાણી

## આજે બપોર સુધીમાં કેસની સંખ્યા શૂન્ય

રાજકોટ.તા.૨૮

રાજકોટ આજે બપોર સુધીમાં કોરોના મુક્ત બન્યું છે. શહેરમાં કોરોના વાયરસ ખાત્મા તરફ આગળ વધી રહ્યો છે. જેને પગલે આજે બપોર સુધીમાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથીરાજકોટ શહેર અને જિલ્લામાં રવિવારે ૯ પોઝિટિવ દર્દીઓ નોંધાયા હતા. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ શહેરમાં ૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા અને હાલ ૧૪૨ એક્ટિવ કેસ છે. રાજકોટમાં અત્યાર સુધીમાં ૪૩૬૯૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજના ડિસ્ચાર્જ ૨૪ રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ ગ્રામ્ય વિસ્તારમાં રવિવારે ૮૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમાંથી માત્ર ૧ વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રાજકોટ જિલ્લામાં હાલ ૧૪ એક્ટિવ કેસ છે. જેમાંથી ૩ દર્દી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે, ૯ ઘરે અને બે આરોગ્ય કેન્દ્ર પર સારવાર લે છે. રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૮૯૪ પોઝિટિવ કેસ નોંધાયા છે.

# બાળકોની રસી આવ્યા બાદ નિર્ણય, સ્કૂલો નહીં ખુલે ?

### સ્કૂલ ખોલવી જોખમી–એઈમ્સના વડા ડો.ગુલેરિયા, સપ્ટેમ્બર સુધીમાં વેક્સિન આવી જવાની સંભાવના



(એજન્સી સમાચાર)
નવીદિલ્હી, તા.૨૮

એઈમ્સ દિલ્હીના વડા ડો.રણદીપ ગુલેરિયાએ કહ્યું કે બાળકો માટે કોરોના વેક્સિનની ઉપલબ્ધતા એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધી ગણાશે. વેક્સિન આવી જવાને કારણે સ્કૂલ ખોલવા તેમજ બાળકો માટે બહારની ગતિવિધિઓ સરળ બની જશે.

તેમણે કહ્યું કે ભારત બાયોટેકની કોવેક્સિનના બેથી ૧૮ વર્ષના બાળકો ઉપર કરવામાં આવેલા બીજા તેમજ ત્રીજા તબક્કાના પરિક્ષણના આંકડા સપ્ટેમ્બર સુધી આવવાની શક્યતા છે. ઔષધિ નિયામકની મંજૂરી બાદ ભારતમાં એ સમય આસપાસ બાળકો માટે વેક્સિન ઉપલબ્ધ બની શકે છે. ડો.ગુલેરિયાએ કહ્યું કે તે પહેલાં જો ફાઈઝર વેક્સિનને મંજૂરી મળી ગઈ તો તે પણ બાળકો માટે એક વિકલ્પ હોઈ શકે છે.

બાળકોમાં જો કોરોનાના હળવાં લક્ષણો હોય છે તો અમુક બાળકોમાં લક્ષણો જોવા મળતાં નથી. આમ છતાં આ પ્રકારના બાળકો સંક્રમણ ફેલાવી શકે છે. છેલ્લા દોઢ વર્ષમાં કોરોના મહામારીને કારણે ભણતરમાં થયેલા વ્યાપક નુકસાનનો હવાલો આપતાં એઈમ્સ પ્રમુખે કહ્યું કે સ્કૂલને ફરીથી ખોલવી પડશે અને વેક્સિનેશન તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. મહામારીથી બહાર આવવાનો રસ્તો વેક્સિનેશન જ છે.

સરકારના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે ઝાયડસ કેડિલા દ્વારા પણ પોતાની વેક્સિન જાયકોવ-ડીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માંગવામાં આવી શકે છે. કંપનીનો દાવો છે કે તેની વેક્સિન વયસ્કો તેમજ બાળકો બન્ને ઉપર કારગત નિવડી શકે છે એટલા માટે જો ઝાયડસની વેક્સિનને મંજૂરી મળી જાય છે તો વધુ એક વિકલ્પ મળી શકશે.

### સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ખાનગીકરણનો માર્ગ મોકળો

# બન્નેમાંથી પોતાનો હિસ્સો વેચશે સરકાર

### વડાપ્રધાનની આગેવાનીવાળા કેન્દ્રિય પ્રધાન મંડળને અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૮:

સરકારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઇન્ડિયન ઓવરસીઝ બેંકના ખાનગીકરણનો માર્ગ મોકળો કરી નાખ્યો છે. કેબીનેટ સચિવની આગેવાનીમાં હાલમાં થયેલ મીટીંગમાં આની સાથે સંકળાયેલ તમામ પાસાઓની ચર્ચા થઇ હતી. હવે તેની મંજૂરી માટે મંત્રી સમૂહ અથવા વૈકલ્પિક મૈકેનીઝમ સમક્ષ રજૂ કરાશે.

નાણાંપ્રધાન સીતારમણે ૨૦૨૧ બજેટ ભાષણમાં સરકારી બેંકોના ખાનગીકરણની જાહેરાત કરી હતી. ત્યાર




પછી નીતિ આયોગે એપ્રિલમાં કેબિનેટ સચિવની આગેવાની બનેલ સચિવોના કોર ગ્રુપને ખાનગીકરણ માટે કેટલીક બેંકોના નામ સૂચવ્યા હતા. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ખાનગીકરણ દ્વારા ૧.૭૫ લાખ કરોડ ભેગા કરવાનુ લક્ષ્ય રાખ્યુ હતુ. આ વર્ષે ફેબ્રુઆરીમા રીપોર્ટ આવ્યા હતા કે સરકારે ૪ મીડીયમ સાઇઝ બેંકોને ખાનગીકરણ માટે શોર્ટ લીસ્ટ કરી છે. તેમાં બેંક ઓફ મહારાષ્ટ્ર, બેંક ઓફ ઇન્ડિયા ઇન્ડિયન ઓવરસીઝ બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના નામ સામેલ છે આ ચાર બેંકોમાંથી બેનું ખાનગીકરણ ૨૦૨૧-૨૨માં કરાશે.

કમિટીએ ખાનગીકરણની શકયતાવાળી બેંકોના કર્મચારીઓના હિતોના રક્ષણ સાથે સંકળાયેલા મુદ્દાઓ પર પણ વિચારણા કરી હતી એ એમની મંજૂરી પછી આ મામલો વડાપ્રધાનની આગેવાનીવાળા કેન્દ્રિય પ્રધાન મંડળને અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. કેબિનેટની મંજૂરી પછી ખાનગીકરણ માટે જરૂરી ફેરફારો કરવામાં આવશે. બેંક યુનિયનો આ બંને બેંકોનો ખાનગીકરણનો વિરોધ કરી રહયા છે. નવ બેંક યુનિયનોનું ગ્રુપ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને સરકારી બેંકોના ખાનગીકરણ વિરૂધ્ધ ૧૫ અને ૧૬ માર્ચે રાષ્ટ્રવ્યાપી બેંક હડતાલની જાહેરાત કરી હતી.

# રસીના બન્ને ડોઝ લેવા છતાં માસ્ક અનિવાર્યઃ WHO

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૨૮

ભારત સહીત વિશ્વભરમાં કોરોનાના નવા ડેલ્ટા વેરીએન્ટે ઘણી ચિંતા વધારી છે. વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દ્વારા ડેલ્ટા વેરીએન્ટ ખતરનાક હોવાની ચેતવણી આપવામાં આવી જ છે. સાથોસાથ એવી પણ સલાહ આપી છે કે કોરોના રસીના બન્ને ડોઝ લઈ લીધા હોય તેવા લોકોએ પણ બેફીકર થવાની જરૂર નથી અને માસ્ક પહેરવાનું અનિવાર્ય છે. માત્ર વેકસીનથી કામ નહીં ચાલે, માસ્ક પહેરવાનું પણ જરૂરી જ છે.

આરોગ્ય સંગઠનના કહેવા પ્રમાણે ડેલ્ટા વેરીએન્ટનો ફેલાવો રોકવા માટે માસ્ક પહેરવા, સોશિયલ ડીસ્ટન્સના પાલન કરવા સહીતના પગલાઓ યથાવત રાખવા પડશે. વેકસીનના બન્ને ડોઝ લઈ લીધા હોય એટલે કાંઈ નહીં થાય તેવી માનસિકતા રાખવાની જરૂર નથી. આ લોકો પણ નવા વેરીએન્ટની ઝપટે ચડી શકે છે. કોરોના સંક્રમણ માત્ર વેક્સિનથી નહીં અટકે, કાયમી ધોરણે અને નિયમિત રીતે માસ્ક પહેરવા પડશે. ખુલ્લી જગ્યાઓમાં રહેવાને પ્રાધાન્ય આપવું પડશે. ભીડભાડથી



દુર રહેવું પડશે અને હાથ સ્વચ્છ રાખવા પડશે. કોરોના વેકસીનના બન્ને ડોઝ લીધા હોય તો પણ આ જરૂરી છે.

# કોરોના નિયંત્રણમાં આવે પછી શાળાઓ ખુલશે :વિજય રૂપાણી

### કોરોનાની બીજી લહેર બેશક ઓછી થઈ ગઈ હોય, પરંતુ ખતરો હજી ટળ્યો નથી, બાળકોના માથા પર હજી ઘાત છે

ગાંધીનગર,તા.૨૮ :

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર બેશક ઓછી થઈ ગઈ હોય, પરંતુ ખતરો હજી ટળ્યો નથી. બાળકોના માથા પર હજી પણ ઘાત છે. આવામાં ગુજરાતમાં ઓનલાઈન શિક્ષણ કાર્ય તો શરૂ થઈ ગયુ છે, પરંતુ શાળાઓ ક્યારે શરૂ થશે તે હજી જાહેરાત થઈ નથી. ત્યારે આ વિશે મુખ્યમંત્રીએ ગુજરાતમાં ફરી શિક્ષણ શરૂ કરવા અંગે નિવેદન આપ્યુ છે. તેમણે કહ્યુ કે, ગુજરાતમા શાળાઓ ખોલવા અંગે હાલ કોઈ વિચાર નથી. કોરોનાની સ્થિતિ નિયંત્રણમાં આવે તે પછી જ વિચારણા કરીશું. તબક્કાવાર શિક્ષણ શરૂ થાય તેવી વિચારણા કરીશું. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે દ્વાદશ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. તેમણે આજે સવારે ભક્તિભાવપૂર્વક આરતી અને પૂજન અર્ચન કર્યા હતા. સાથે જ કોરોના મહામારીની ત્રીજી લહેર આવે જ નહિ અને સૌનું આરોગ્ય સુખાકારી જળવાઇ રહે તેમજ ગુજરાત સોમનાથ દાદાની કૃપા આશિષથી વિકાસ, પ્રગતિની રહે સતત આગળ વધી ઉત્તમથી સર્વોત્તમ બને તેવી પ્રાર્થના ભગવાન સોમનાથના ચરણોમાં કરી હતી.

# દિલ્હી એઇમ્સના ઈમરજન્સી વોર્ડમાં આગ લાગીઃ ડોકટરોએ રસ્તા પર દર્દીઓની કરી સારવાર

### એઈમ્સમાં આજે સવારે ૫ વાગ્યે આગ લાગી હતી

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી,તા. ૨૮

આ દરમિયાન ઈમરજન્સી વોર્ડની અંદર હાજર દર્દીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. વેન્ટિલેટર પર હાજર દર્દીઓને બીજી જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યા છે. દિલ્હીમાં સ્થિત (AIIMS)ના ઈમરજન્સી વોર્ડમાં આજે સવારે આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ૭ ગાડીઓ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. જયારે અન્યની ડોકટરો દર્દીઓની બહાર



સારવાર કરી રહ્યા છે.

આગને લઈને દિલ્હી ફાયર વિભાગે જણાવ્યું કે એઇમ્સમાં આજે સવારે ૫ વાગ્યે આગ લાગી હતી. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. આ ઘટનામાં કોઈને પણ નુકસાન થયાના સમાચાર નથી.

આ પહેલા ૧૭ જૂને એઇમ્સના નવમાં માળે આગ લાગી હતી. એઇમ્સના કન્વર્જેસ બિલ્ડિંગમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની અનેક ગાડિયો સ્થળ પર મોકલવામાં આવી હતી. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની કુલ ૨૦ ગાડીઓ સ્થળ પર રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ કર્મચારીઓની સમજથી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/




માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઈએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

શુધ્ધ ઘી
કોઈપણ જાતની મિલાવટ વગરનું ઘી જથ્થામાં વેચવાનું છે.
રૂ.૧૦૦૦/-નું કિલો
મો. નં. ૯૦૩૩૩ ૪૪૪૨૬

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

## WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# રાજકોટઃ કોરોનાની ત્રીજા વેવને ખુલ્લું આમંત્રણ...!













(તસવીરઃ પંકજ ડાભી)

રેસકોર્સ ગ્રાઉન્ડમાં બાળકોએ રાઇડ્સની મજા લીધી

## રવિવારે શહેરભરમાં જોવા મળેલા બેફામ ગીંદીના દ્રશ્યો ન્યારી ડેમ, આજીડેમ, રાંદરડા તળાવ સહિતના ફરવાલાયક સ્થળોએ મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૨૮

શહેર રંગીલુ અને ફરવાની ટેવ ધરાવતું એક એવું શહેર છે જેને કોઇપણ સંજોગોમાં રજાના દિવસોમાં ઘરે રહેવાનું ગમતું નથી. આ શહેરનું રંગીલા પણું અને બિમ્દાસ્ત જીવન શૈલી હવે આપણને ખુબ જ જોખમ ભણી ધકેલી રહયા હોય એવું દેખાય છે. રાજકોટીયનો કોઇ રીતે વાત સમજવા માંગતા નથી. કોરોના મહામારીનું આક્રમણ થયું તેને બહુ જ ઝાઝા દિવસો થયા નથી. રવિવાર કોરો જવા દેવો નથી. હોટેલોમાં ટોળે વળવું છે, રેસ્ટોરામાં બેફામ ગીરદી કરી નાખવી છે, રેસકોર્ષમાં બનાવેલી તમામ ખુરશીઓ બસવાનો લહાવો રવિવારે જ લેવાનો છે. હજુ આપણે કોરોનાના ભયમાંથી સંપુર્ણ પણે મુકત થયા નથી. આપણા આરોગ્ય કર્મીઓ, પોલીસ કર્મીઓ, અન્ય સરકારી જવાબદાર વિભાગના કર્મીઓ સહિતના કોરોના યોધ્ધાઓ હજુ અવિરત સંઘર્ષ કરી રહયા છે ત્યાર આપણે હજારો કોરોના યોધ્ધાઓની મહેનત અને પુરૂષાર્થને આવી ગફલત ભરી જીવનશૈલી અપનાવીને નિષ્ફળ બનાવી શકીએ નહીં. રાજકોટવાસીઓ કયારે જવાબદાર બનશે?

કોરાનાની બીજી ઘાતક લહેરે રાજકોટ સહિત દેશભરમાં હાહાકાર મચાવ્યો હતો. આથી સરકારની ગાઈડલાઈન પ્રમાણે ફરવાલાયક સ્થળ, હોટલ, રેસ્ટોરન્ટ, મંદિર, જીમ, સ્પોર્ટ્સ કલબ સહિત બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ ધીમે ધીમે કોરોનાના કેસમાં ઘટાડો થતો ગયો અને એક બાદ એક સ્થળને સરકાર દ્વારા અનલોક કરવામાં આવ્યા. સમયમર્યાદામાં વધારો થયાના પ્રથમ રવિવારે જ લોકો ફરવા નીકળી ગયા હતા. રાજકોટના બેસ્ટ ડેસ્ટિનેશન ગણાતા ઇશ્વરિયા પાર્કમાં ૧૫૦૦ અને પ્રદ્યુમન પાર્કમાં ૪૪૦૦ સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. કોરોનાના નિયમો મુજબ જ સહેલાણીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. લોકોમાં જાગૃતિ આવે તે માટે ઇશ્વરિયાપાર્કની અંદર બોર્ડ લગાવવામાં આવ્યા છે.

જિલ્લા કલેકટર તંત્ર ઇશ્વરિયા પાર્ક અને ઓસમ ડુંગર પર્યટકો માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. ઇશ્વરિયા પાર્કમાં કોવિડ- ૧૯ની ગાઈડલાઈનને અનુસરી પર્યટકોને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આ માટે પાર્કમાં ઠેર-ઠેર સોશિયલ ડિસ્ટન્સ જાળવો, માસ્ક પહેરોના બોર્ડ જનજાગૃતિ માટે લગાવવામાં આવ્યા છે. તેમજ ચોમાસામાં કુદરતી સૌંદર્યથી ભરપૂર ઓસમ ડુંગર પણ સહેલાણીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. અહીં પણ સોશિયસ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્ક સાથે પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. રાજકોટના ન્યારી ડેમ, આજીડેમ, રાંદરડા તળાવ સહિતના ફરવાલાયક સ્થળોએ મોટી સંખ્યામાં પ્રથમ રવિવારે લોકો ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત રાત્રિ કર્ફ્યૂની સમયમર્યાદામાં ઘટાડો થતા લોકોએ મોડે સુધી રેસકોર્સ રિંગ રોડની પાળી પર બેસી આઇસ્ક્રિમનો આનંદ લીધો હતો. પોતાનું નહીં પણ શહેરનું પણ વિચારો અને આવી રીતે બેફામ ટોળે વળવાનું બંધ કરો તેમજ સમગ્ર સમાજનું હિત સમાયેલું છે.


# મેઘરાજાએ વિરામ લેતા ખેડૂતો ચિંતિત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૮

સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં વાવણી તો થઈ ગઈ છે, પરંતુ વાવણી બાદ વરુણદેવે વિરામ લેતા ધરતીપુત્રો ચિંતામાં મુકાયા છે. હાલ બિયારણને જમીનમાંથી બહાર આવવા માટે વરસાદની તાતી જરૂર છે. ત્યારે જો એક-બે દિવસમાં વરસાદ ન વરસે તો ખેડૂતો માટે સંકટનાં વાદળો ઘેરા બની શકે છે.

રાજકોટ જિલ્લામાં ૭૦ ટકા સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીકાર્ય પૂર્ણ કર્યું છે. જોકે વાવણી બાદ આકરા ઉનાળા જેવો તડકો નીકળતા ખેડૂતોની મુશ્કેલી વધી ગઈ છે. બિયારણને જમીનમાંથી બહાર આવવા માટે વરસાદની ખાસ જરૂર છે. તેવા સમયે જ મેઘરાજાએ મહેર ન વરસાવતાં ખેડૂતોએ વાવેલ બિયારણ નિષ્ફળ જવાની ભીતિ છે. ગોંડલ, જેતપુર



અને અમરેલી પંથકના કેટલાક વિસ્તારોમાં તો વરસાદના અભાવે કપાસિયાના સુરસુરિયા પણ થઈ ગયા છે. બીજી તરફ મગફળીમાં પણ વરસાદની ખેંચ જોવા મળી રહી છે. ત્યારે હજુ પણ જો વરસાદ ખેંચાશે તો અનેક ખેડૂતોની મહેનત પાણીના અભાવે પાણીમાં જાય તેમ છે.

ખેડૂત દિવ્યેશભાઈ ભૂત જણાવે છે કે, વાવાઝોડાના નુકસાનમાંથી હજુ બહાર નથી આવ્યાં ત્યાં વધુ એક મુસીબત આવી છે. વાવણી થતાં મોંઘા ભાવનું ખાતર અને બિયારણ તો વાવી દીધું હતું, પરંતુ વાવણી થયાને ૬ દિવસ બાદ પણ વરસાદ ન થતાં કપાસિયા ફેલ થઈ ગયા છે. જે ખેતરમાં કપાસ ઉગ્યો છે તેમાં પણ વરસાદની જરૂર છે. મગફળી પણ વરસાદ ન વરસે તો ઉગી શકે તેમ નથી. આ સ્થિતિ વચ્ચે વરસાદ વધુ ખેંચાશે તો ખેડૂતોને ફેર વાવણી કરવાનો વારો આવશે.

### શહેરમાં ૧૭ કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો

## રાજકોટમાં તાપમાન ૩૬.૫ ડિગ્રીએ પહોંચ્યું, બફારો વધ્યો

રાજકોટ,તા.૨૮

રવિવારે રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી રહ્યું હતું. જ્યારે પવનની ઝડપમાં વધારો થયો હતો. ૧૭ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. રાજકોટમાં તાજેતરમાં જ વરસાદ વરસ્યો હોવાથી હવામાં ભેજનું પ્રમાણ વધતા લોકોએ બફારાનો અહેસાસ કર્યો હતો. રવિવારે આખો દિવસ ધૂપછાંવ જેવું વાતાવરણ રહ્યું હતું. જોકે છેલ્લા ત્રણ દિવસથી વરસાદ નહિ પડવાને કારણે બફારાનું પ્રમાણ વધારે રહ્યું છે. રવિવારે લઘુતમ તાપમાન ૨૮.૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી નોંધાયું હતું. સવારના સમયે પવનની ઝડપ ૧૨ કલાક પ્રતિ કિલોમીટર રહી હતી.વરસાદના વિરામ વચ્ચે રાજકોટમાં છેલ્લા બે દિવસથી તાપમાન ૩૬.૫ ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યો છે.વરસાદ બાદ હવામાં ભેજનું પ્રમાણ વધતા લોકો અસહ્ય બફારાનો અનુભવ કરી રહ્યા છે. રાજકોટમાં જૂન માસમાં સેન્ટ્રલ ઝોનમાં ૮.૮૮ ઈંચ, વેસ્ટ ઝોનમાં ૮.૮ ઈંચ અને ઈસ્ટ ઝોનમાં ૮.૨૮ વરસાદ વરસ્યો છે.

## રાજકોટમાં પોલીસ કમિશ્નર કચેરી પાસે જ મારામારીનો વીડિયો વાયરલ

### બે યુવાનો વચ્ચે રૂપિયાની લેવડ દેવડ મામલે મારામારી થઈ હોવાનું સામે આવ્યું



રાજકોટ, તા.૨૮

રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પર મારા-મારીની ઘટના સામે આવી છે. શહેર પોલીસ કમિશ્નર કચેરી સામે આવેલ પાનની દુકાન પાસે ઉભેલા બે યુવાનોને ઉગ્ર બોલાચાલી થતા એક બીજાએ સામ સામે હાથપાયી કરી હતી. જે ઘટનાનો વીડિયો વાઇરલ થયો છે. જો કે આ મામલે હજુ સુધી કોઇ પોલીસ ફરિયાદ થઈ નથી.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ પર શહેર પોલીસ કમિશ્નર કચેરી સામે રેસકોર્સ બગીચાની બાજુમાં આવેલ પાનની દુકાન નજીક બે-ચાર યુવાનો ઉભા હતા જેમાં બે યુવાનો વચ્ચે બોલાચાલી થતા મામલો ઉગ્ર બન્યો હતો અને સામ સામે એક બીજાને ગાળો આપી એક બીજાને માર મારવા લાગ્યા હતા. જેમાં મિત તન્ના અને એહમદ નામના બે યુવાનો વચ્ચે રૂપિયાની લેતી દેતી મામલે બબાલ થઇ હોવાનું સામે આવી રહ્યું છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી.

શહેરના માલવીયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ સ્ટેશન નજીક રાત્રી કર્ફ્યૂ દરમિયાન મોબાઈલમાં તું મને કેમ બદનામ કરે છે કહીને રાધિકા હર્ષદભાઈ ધામેચાને રિધ્ધિ દીલીપભાઈ વૈષ્ણવ સાથે ઝઘડો થતાં ખુલ્લી છરી લઈ તેની સાથે દર્શના મુકેશભાઈ મકવાણા, જાનવી અજયભાઈ મકવાણા, અવની દેવાયતભાઈ હડીયા, જાનવી સહિતનાએ ધસી આવી જાહેરમાં મારામારી કરતા માલવિયાનગર પોલીસે તત્કાલ છ એ મહિલાઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજકોટમાં જળ એજ જીવન પ્રોજેક્ટનો પ્રારંભ

### વેડફાતા પાણીને જમીનમાં ઉતારાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: રાજકોટના બિલ્ડર્સે અનોખી પહેલ કરી છે. વરસાદી પાણીનો વેડફાટ અટકાવવા બિલ્ડર એસોસિએશને જળ એજ જીવન પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો છે. જેમાં બિલ્ડર્સ પોતાના નવા ફલેટના પ્રોજેક્ટમાં પાણીને જમીનમાં રિચાર્જ કરશે. જેથી આ પાણીનો ફરી ઉપયોગ થઈ શકશે.

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં કચ્છના રણથી લઈ અલંગના દરિયા સુધીના લોકો રોજગારી કે શિક્ષણ માટે સ્થાયી થઈ રહ્યાં છે. જેના કારણે શહેરની વસ્તી પણ સતત વધી રહી છે. ત્યારે ભવિષ્યમાં પાણીનો પ્રશ્ન વિકટ ન બને તેની ચિંતા કરી બિલ્ડર એસોસિએશને જળ એજ જીવન પ્રોજેક્ટની શરૂઆત કરી છે. બિલ્ડર્સ



પોતાના નવા બનતા પ્રોજેક્ટમાં વેડફાતા પાણીને જમીનમાં ઉતારશે. જેના પરિણામે જળસ્તર ઊંચું આવશે અને ફરી એજ પાણી ઉપયોગમાં લઈ શકાશે. એટલું જ નહીં, સાથે તેમાં વરસાદનું પાણી પણ હોવાથી લોકોને ક્ષાર વિનાનું શુદ્ધ પાણી મળતું થશે. આ ઉપરાંત પર્યાવરણનું જતન થશે. આ માટે બિલ્ડર એસોસિએશનના ચેરમેન ભરત પટેલ, પ્રેસિડેન્ટ પરેશ ગજેરા તેમજ વાઇસ પ્રેસિડેન્ટ દિલીપ લાડાણી સહિતના બિલ્ડર્સ પ્રયત્ન કરી રહ્યા છે.

### અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા

## અનુસૂચિત જાતી વિભાગની કારોબારી મીટિંગ યોજાઇ

### લોહાણા સમાજના નવનિયુકત પ્રમુખ અને કોંગ્રેસ અગ્રણી જીતુ ગોળવાળાનું સન્માન કરાયું



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી, તા.૨૮

ગઇ કાલે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતી વિભાગની કારોબારી મીટીંગનું આયોજન અનુસૂચિત જાતિ વિભાગ અમરેલી જિલ્લા પ્રમુખ હસુભાઈ બગડા દ્વારા કરવામાં આવેલ હતું. આ મીટીંગમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના જુદા જુદા હોદેદારોની વરણી કરવામાં આવેલ હતી.

જેમાં વાઇસ ચેરમેન તરીકે શ્યામભાઇ સોલંકી- વડિયા, હિરેનભાઈ ટીમાણીય- અમરેલી શહેર, ધીરૂભાઇ મકવાણ-ધારી, રમેશભાઇ ખીમસુરીયા- અમરેલી શહેર, જયંતિભાઈ વિરાણી- ખીજડીયા (અમરેલી), દિનેશભાઇ ખીમસુરીયા- બગસરા, રમેશભાઇ પરમાર- લીલીયા અને કો-ઓર્ડિનેટર તરીકે, ધીરજભાઇ એમ વરમોરા- સાવરકુંડલા, હિતેષભાઇ સોલંકી- રાજુલા, કનુભાઇ એ. સારીખડા- અમરેલી, પ્રકાશભાઇ વાઘેલા- અમરેલી, રમેશભાઇ રામાભાઇ સોંધરવા- બાબરા, વાઘજીભાઇ કાળાભાઇ સોલંકી- રાંઢીયા, ભુપેન્ભાઇ સી.સેજુ- લાઠી, વિનોદભાઇ એમ સરવૈયા- જાફરાબાદ, નાનજીભાઇ બી. સોલંકી - બગસરા, રમેશભાઇ જાદવ- બગસરા ગ્રામ્ય, શ્યામજીભાઇ સેખા- ખાંભા, ભરતભાઇ બી. રાઠોડ- ખાંભા, ચંદુભાઇ વી. વાળા- ચલાલા અને મહેન્દ્રભાઇ બાબરીયા - અમરેલી ગ્રામ્યમાં વરણી કરવામાં આવી હતી.

તમામ ઉપસ્થિત હોદ્દારેને જિલ્લા પ્રમુખ ડી.કે.રૈયાણી, પૂર્વ જિલ્લા પ્રમુખ પંકજભાઈ કાનાબાર, જિલ્લા મહામંત્રી જનકભાઈ પંડ્યા, લોહાણા સમાજ ના પ્રમુખ જીતુભાઇ ગોળવાળા, શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યા, કોંગ્રેસ અગ્રણી વાલજીભાઈ પરમાર, અશોકભાઈ ચાવડા, અમિતભાઇ જોગલ, રમેશભાઈ ચૌહાણ, જે.બી.ગોહિલ વગેરે દ્વારા નિમણૂંક પત્ર સુપરત કરવામાં આવેલ હતા. આ તકે લોહાણા સમાજના નવનિયુક પ્રમુખ અને કોંગ્રેસ અગ્રણી જીતુભાઇ ગોળવાળાનું સન્માન કરવામાં આવેલ હતું. આવનારા સમયમાં જિલ્લાના તમામ તાલુકાના અનુસૂચિત જાતી મોરચાના પ્રમુખ અને કારોબારીની રચના કરી અનુસૂચિત જાતિ મોરચાના સંગઠનની કામગીરી વેગવંતી બનાવવાનો નિર્ધાર અનુ.જાતી મોરચાના પ્રમુખ હસુભાઈ બગડા દ્વારા કરવામાં આવેલ હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને કાર્યક્રમને સફળ બનાવવા શરદભાઈ મકવાણા, રાજુભાઇ દામોદરા, જે.બી.મકવાણા અને પ્રહલાદભાઈ સોલંકીએ જહેમત ઉઠાવેલ હતી.

# રાજકોટ મનપા દ્વારા વોર્ડ નં. ૭ અને ૧૩ માં વેક્સિનેશન કેમ્પ યોજાયો

### કેમ્પમાં મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, યુનિ. નાં કુલપતિ, ઉપકુલપતિ, વોર્ડનાં કોર્પોરિટરો સહિતની ઉપસ્થિત રહ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

પ્રધાનમંત્રી દ્વારા મફત વેક્સિનની પરીકલ્પનાને સાકાર કરવા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજયમાં વેકિસનેશન મહાભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ કેન્દ્રો પર ૧૮ વર્ષથી મોટી ઉંમરના તમામ લોકોને સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરી કોરોના વેકિસન આપવામાં આવશે. આ અભિયાનને વધુ વેગ મળે અને શહેરના વધુમાં વધુ શહેરીજનોને વેક્સિનનો લાભ લે તેવા શુભ આશયથી સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી, શાળા, કોલેજો વિગેરેને જોડી વેક્સિન કેમ્પ યોજવાનું નક્કી કરેલ. જે અંતર્ગત ગત તા.૨૬ ના રોજ વોર્ડ નં.૦૭ માં સર્વેશ્વર ચોક ચેરીટેબલ ટ્રસ્ટ તથા આજે વોર્ડ નં.૧૩માં પી.ડી. માલવિયા કોલેજના સંયુક્ત ઉપક્રમે વેક્સિનેશન કેમ્પ યોજાયો. આ કેમ્પમાં મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, કુલપતિ નીતિનભાઈ પેથાણી, ઉપકુલપતિ ડો.દેસાણી, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતિના ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયા, પી.ડી.માલવિયા કોલેજના ટ્રસ્ટી લાભુભાઈ ખીમાણીયા, ઘનશ્યામભાઈ હેરભા, વોર્ડ નં.૦૭ના કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, દેવાંગભાઈ માંકડ, વોર્ડ નં.૧૩ના



કોર્પોરેટર જયાબેન ડાંગર, સોનલબેન સેલારા, વોર્ડ નં.૦૭ના પ્રભારી પ્રતાપભાઈ વોરા, વોર્ડ નં.૦૭ના પ્રમુખ રમેશભાઈ દોમડીયા, વોર્ડ નં.૧૩ના પ્રમુખ કેતનભાઈ વાછાણી, વોર્ડ નં.૦૭ના મહામંત્રી અનિલભાઈ લીંબડ તથા રાજુભાઈ મુંધવા, વોર્ડ નં.૧૩ના મહામંત્રી ધીરૂભાઈ તળાવીયા તથા ભરતભાઈ સવસેટા તેમજ ભાજપ અગ્રણી શૈલેષભાઈ ડાંગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

## રાજકોટ બાર એસોસિએશનનાં પ્રમુખની લોકોને ચેતવણી

### લેન્ડ ગ્રેબીંગમાં પકડાયેલ પ્રગતિ રાવલ વકીલ હોવાના ખોટા પુરાવા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

રાજકોટ બાર એસોસિએશનનાં પ્રમુખ બકુલભાઈ રાજાણી દ્વારા જાહેર જનતાને જણાવેલ છે કે શહેરમાં લેન્ડ ગ્રેબીંગમાં પકડાયેલા પ્રગતિ ઉર્ફે પ્રજ્ઞા રાવલ વકીલ ન હોવા છતાં પણ પોલીસ કોર્ટ વગેરે જગ્યાએ એડવોકેટ હોવાનું ખોટું બોલી અને સમગ્ર વકીલ આલમને બદનામ કરે છે. સબ રજીસ્ટાર કચેરીમાં દસ્તાવેજોમાં પણ પોતે વકીલ હોવાની ઓળખ આપી ગુન્હાહિત કૃત્ય કરે છે.

આ અંગે પોલીસને જાણ કરવામાં આવશે અને જાહેર જનતા પણ પ્રજ્ઞા રાવલ વકીલ ન હોય તેથી છેતરાય નહીં તેવી પ્રમુખ રાજાણીએ જાહેરાત કરેલ છે.

# તંત્રી સ્થાનેથી...

## આરોગ્ય પ્રત્યે લોકોમાં જાગૃતતા વધી

કોવિડ ૧૯ કોરોના વાયરસના મહામારી ભારતમાં માર્ચ ૨૦૨૦થી ચાલી રહી છે. વર્ષર પૂરૂ થવા આવ્યુ છે અને હવે તો લોકો ખુલ્લામાં શ્વાસ લેતા પણ ડરી રહ્યા છે. મહામારીના સમયે અનેક લોકોને ઘણુ શીખવાડ્યું છે અને ઘણા લોકો હજુ પણ તેમાથી શીખવા માટે તૈયાર છે. આવો જાણીએ છે કે આપણે આ વાયરસ પાસેથી શું શીખ્યુ.

(૧) આરોગ્યના પ્રત્યે વધી જાગૃકતા- આ વાયરસે આપણને શીખવાડ્યુ કે શરીર ફિટ અને હેલ્ધી રાખવું કેટલું જરૂરી છે. ઈમ્યુનિટી પાવરને વધારીને રાખવો પણ કેટલો જરૂરી છે. તેથી હવે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃકતા વધી છે. તેના માટે યોગ, પ્રાણાયામ, આયુર્વેદ, મેડિટેશન અને પૌષ્ટિક ભોજનને શામેલ કર્યો. (૨) ક્વારંટાઈનનો મહત્વ - હવે લોકો આ સારી રીતે સમજી ગયા છે કે બીમારીથી બચવાના ઉપાય છે માસ્ક લગાવવુ, સોશિયલ ડિસ્ટેંસિંગ રાખવુ અને જો તમને લક્ષણ નજર આવે તો ક્વારંટાઈન થઈ જવુ કે હોમ આઈસોલેટ થઈ જવું. હવે લોકો હોમ આઈસોલેશનમાં રહેવું પણ શીખી ગયા છે. (૩)વાયરસની મોત - આ વર્ષે લોકોએ શીખવ્યુ કે વાયરસને મારવો કેટલો ખતરનાક હોય છે. સ્મશાનમાં સગાઓના સાથ નથી મળતો. ચાર લોકો કાંધ આપવા માટે પણ નહી મળે. અંતિમ સમયમાં સગાઓનો સાથ નહી મળ. તે લોકો માટે સૌથી મોટી શીખ છે જેણે આ વાયરસની ભયાવહતાને લોકોએ ગંભીરતાથી લીધી છે અને તેના પરિણામો સમજ્યા. (૪)બચત- ઘણા લોકોની પાસે કોઈ સેવિંગ નહોતી. જેમણે ક્યારેય વિચાર્યુ નહોતું કે લૉકડાઉન લાગી જશે અને નોકરીથી પણ હાથ ધોવો પડશે. પણ એવા પણ ઘણા લોકો હતા જેની પાસે રોકડ પૈસા કે રૂપિયા નહોતા. ઘણા લોકોની પાસે રોકડની સાથે ભવિષ્ય માટેની સેવિંગ પણ નહોતી. તેમને આ સૌથી મોટી શીખ રહી કે સંકટકાળમાં આપણી પાસે બેંક, વાલેટની ઉપરાંત ખિસ્સામાં પણ રૂપિયા હોવા જોઈએ અને આ ત્યારે જ શકય હશે જ્યારે આપણે બચત કરીશુ. (૫) લોકોને મળ્યું ડાક્ટરી જ્ઞાન- વાયરસથી એવા લોકોને પણ ડાક્ટરી જ્ઞાન આપી દીધુ જે ગામડામાં રહે છે જેણે ક્યારે ઑક્સીમીટર વિશે સાંભળ્યું નહોતુ. લોકોએ સોશિયલ મીડિયા, ટીવી ચેનલ અને છાપાથી આ વાયરસના ડરથી જે જાણકારી મળી તે જાણકારીના કારણે અભણ લોકો પણ જાણવા લાગ્યા કે પલ્સ કેટલી હોવી જોઈએ. બીપી સામાન્ય કેટલુ હોય છે. ઑક્સીજન લેવલ કેટલુ હોવુ જોઈએ. (૬)કરિયાણાનો સ્ટૉક જરૂરી- શાહીનબાગ આંદોલનના સમયે જ કોરોના વાયરસના કારણે ૨૨ માર્ચે જનતા કર્યુ પછી ૨૩ માર્ચએ લૉકડાઉન લગાવી દીધું. અચાનકથી લૉકડાઉઅન થવાથી લોકોને પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાની તક પણ ન મળી. ઘરમાં કરિયાણા અને શાકનો સ્ટૉક નહોતો. તેથી આ શીખ મળી કે ઘરમાં ઓછામાં ઓછા એટલુ કરિયાણુ તો હોવુ જોઈએ કે ૩ મહીના આરામથી નીકળી શકે. (૭) ઘર છે તો સંસાર છે- લૉકડાઉનના સમયે તે લોકો વધારે પરેશાન થયા જે ભાડાના મકાનમા રહેતા હતા અને તે દરમિયાન જ તેમની નોકરી પણ છૂટી ગઈ તેણે ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડ્યો. જો ખુદનુ ઘર હોત તો માલિકના મહેણાથી બચી જતા અને જો ઘર લોન પર હપ્તામા પણ હોય તો બેંક ત્રણ મહીનાનો મોનોટોરિયમ પ્લાન પણ આપી રહી હતી. (૮) પારિવારિક વિચાર અને સેવા- હવે લોકો પહેલા કરતા સગાઓને અને સંબંધીઓને વધારે મહત્વ આપવા લાગ્યા છે. એક સમય એવો હતો જયારે લૉકડાઉનના કારણે છુટાછેડાના કેસ વધી ગયા હતા પરંતુ હવે લોકો એકબીજાના સાથ આપવા લાગ્યા છે અને પરિવારના મહત્વને સમજવા લાગ્યા છે. (૯) ચિંતા, ડર અને અશાંતિથી દૂરી- કોઈ પણ પ્રકારની ચિંતા કરવી, મનને અશાંત રાખવું અને વ્યર્થ ડરના કારણે મૃત્યુ આસપાસ ફરવા લાગે છે. લોકો હવે સમજવા લાગ્યા છે કે બિનજરૂરી ચિંતા કરવાથી આપણા શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા ઘટે છે. મોત તો બધાને આવે છે પછી ચિંતા કઈ વાતની. કોઈ પહેલા મરશે અને કોઈ પછી. ચિંતામુક્ત જીવન સૌથી મોટી સંપત્તિ છે. ડરથી આપણી ઈમ્યુન સિસ્ટમ નબળુ થાય છે. (૧૦) માસ્ટર પ્લાન- જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સારી રણનીતિ તમારા જીવનને સફળ બનાવી શકે છે અને જો કોઈ યોજના કે રણનીતિ નથી તો સમજો જીવન એક અરાજક ભવિષ્યમાં જતું રહેશે. જેના સફળ થવાની કોઈ ગેરંટી નથી. તેથી હવે લોકો તેમના જીવનની પ્લાનિંગ કરવા લાગ્યા છે અને સાથે જ સંકટથી બચવા કે બચી રહેવાની યોજના પણ બનાવી રહ્યા છે. આ દરમિયાન ધૈર્ય અને સંયમનું મહત્વ પણ સમજાયું છે.

# ગુજરાતના ઈતિહાસમાં પહેલીવારઃ સુરતમાં વિપક્ષ સામે ગુનો દાખલ

**(એજન્સી સમાચાર)**

સુરત,તા.૨૮

ગુજરાતના ઈતિહાસમાં સુરતમાં વિરોધ પક્ષના તમામ નગરસેવકો વિરુદ્ધ એકસાથે પોલીસ કેસ નોંધાયો છે. મહાપાલિકામાં શુક્રવારે નગર શિક્ષણ સમિતિની ચૂંટણી હતી જેમાં ધક્કામુક્કી કરી તોડફોડ કરનારા આમ આદમી પાર્ટીના તમામ ૨૭ કોર્પોરેટરો અને ચૂંટણી લડનારા બંને ઉમેદવારો મળી કુલ ૨૯ લોકો સામે લાલગેટ પોલીસ મથકમાં સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં શનિવારે પાલિકાના સિક્યુરિટી ઓફિસરે ૨૭ કોર્પોરેટરો અને ચૂંટણી લડનારા બે ઉમેદવારો મળીને કુલ ૨૯ સામે રાયોટિંગ, સરકારી ફરજમાં રુકાવટ, મારામારી સહિતની ૧૪ કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. પોલીસ ફરિયાદમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, આપના કોર્પોરેટરોનું આ આયોજનબદ્ધ કાવતરું હતું. જોકે, આ ઘટનાને કારણે હાલ સુરતનાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. તેમાં પણ આજે આપનાં નેતા મનીષ સિસોદીયા પણ સુરતની મુલાકાતે આવ્યાં છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આઠ સભ્યો માટે નવ ઉમેદવારી પત્રક આવતા ચૂંટણી યોજાઇ હતી. ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર રાકેશ ભીકડીયાને ૯૮ મત જ્યારે આપના ઉમેદવારને ૯૫ મત મળતા આપના ઉમેદવારની હાર થઇ હતી. ચૂંટણી અધિકારી તરીકે મેયરની અધ્યક્ષતામાં મતગણતરી થઇ તે દરમિયાન ઉમેદવારો, પાલિકાના શાસક પક્ષ અને વિપક્ષના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ચૂંટણીમાં દરેક કોર્પોરેટરોએ આઠ મત આપવાના હતા. પરંતુ એક બેલેટ પેપર પર આઠના બદલે સોળ મત આપતાં તે મતદાન પત્ર રદ્દ કરાયું હતું. જેને લીધે આખી બાજી પલટાઇ ગઇ હતી અને વિપક્ષના એક સભ્યની હાર થઇ હતી.


જેના કારણે ફરીથી મતગણતરી કરવા અને બેલેટ પેપર બતાવવા વિપક્ષે માંગ કરી હતી. આ માંગને ચૂંટણી અધિકારી એવા મેયરે ફગાવી દીધી હતી. જેથી ઉશ્કેરાયેલા હારેલા ઉમેદવાર અને વિપક્ષે હોબાળો મચાવી સરદાર ખંડમાં ખુરશી, માઇક અને ટેબલની તોડફોડ અને ભાજપ વિરુદ્ધમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. આ દરમિયાન સિક્યુરીટી ગાર્ડસ અને બંદોબસ્તમાં તહેનાત પોલીસને સભાખંડમાં બોલાવવી પડી હતી. પરંતુ પોલીસની સમજાવટ છતા હોબાળો ચાલુ રહેતા બળપ્રયોગ કરીને વિપક્ષના કોર્પોરેટરો અને સમર્થકોને ખેંચને પોલીસ જીપમાં બેસાડી દેવાયા હતા. મતગણતરી બાદ અપેક્ષા મુજબ હોબાળો થયો અને તોડફોડ થતાં વીસ વર્ષ બાદ થયેલી શિક્ષણ સમિતિની ચુંટણી તોફાની અને વિવાદી બની હતી.

**૨૭ કોર્પોરેટરે વિરુદ્ધ લાલગેટ પોલીસ મથકમાં ગુનો દાખલ**

# કિંમતી પ્લોટનાં બોગસ કાગળો બનાવી વેચી દેવાના કૌભાંડમાં વધુ ત્રણની ધરપકડ

**અવસાન પામેલા પ્લોટધાર પટેલ વૃધ્ધનું ખોટું નામ ધારણ કરનાર સાક્ષી તરીકે સહિત કરનાર અને બોગસ આધાર બનાવનાર ત્રણેયની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

શહેરનાં મોટા મવા ગામમાં આવેલ પટેલ વૃધ્ધનો કરોડોની કિંમતનો પ્લોટ પચાવી પાડવા જમીન કૌભાંડનો પર્દાફાશ થયા બાદ પોલીસે એન્ટી લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો નોંધી ત્રણ શખ્સોની ધરપકડ કર્યા બાદ આ પ્રકરણમાં પ્લોટ ધારક પટેલ વૃધ્ધનું ખોટું નામ ધારણ કરનાર ઓળખાણ આપનાર સાક્ષી તરીકે સહિ કરનાર અને બોગસ આધારકાર્ડ બનાવનાર ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ અંગેની વિગત મુજબ પોલીસમાં રાજકોટમાં રહેતા કાંતીભાઈ ભુરાભાઈ બાણગોરીયાએ પોલીસમાં એન્ટી લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક શખ્સોએ તેના મૃતક પિતાનાં નામનો મોટા મવા ગામમાં આવેલો કિંમતી પ્લોટ પચાવી પાડવા કૌભાંડ આચરી દસ્તાવેજ બનાવી રજીસ્ટર કરાવ્યો હોવાની ફરિયાદનાં આધારે તાલુકા પોલીસે અગાઉ મિલન ખોડા મકવાણા, દોલુભા દેવાભા સુમાણીયા અને વકીલ હરસુખ મગન ચૌહાણની ધરપકડ કરી રીમાન્ડ પર લેવા તજવીજ કરી હતી. તે દરમ્યાન નાનાલાલ દેવડા (રહે. રામનાથપરા) ની ધરપકડ કરી હતી.

ઉપરોક્ત આરોપીએ મૃતક પટેલ વૃધ્ધનું ભૂરા ભારણજી પટેલ નામ ખોટું ધારણ કર્યું હતું તથા મહેશ ચના ડોબરીયાએ બોગસ આધારકાર્ડ બનાવ્યા હતા અને ભુપેન્દ્ર ગણેશ નાથાણી નામના સમયે સાક્ષી તરીકે ખોટી સહી કરી હોવાથી પોલીસે ત્રણેય શખ્સોની ધરપકડ કરી છે.

# ગુજરાત સરકારના રાજમાં લોકો ભૂખે મરે છે, બેરોજગાર છેઃ છોટુ વસાવા

**(એજન્સી સમાચાર)**

રાજપીપળા,તા.૨૮

ગુજરાતનો વિકાસ થઈ રહ્યો હોવાના ભાજપ સરકારના દાવા વચ્ચે બીટીપી ધારાસભ્ય અને આદિવાસી નેતા છોટુ વસાવાએ ગુજરાત સરકાર પર ગંભીર આક્ષેપ લગાવતા જણાવ્યું છે કે જનતાને લૂંટવા સિવાય કાય કામ આ સરકારે કર્યું નથી.અને લૂંટના હિસ્સામાંથી જે ટુકડા સરકારના મળતીયાઓને મળે એવા લોકોએ સરકારની વાહ વાહ કરવા સિવાય કાય કરતા નથી.છોટુ વસાવાએ આ આક્ષેપ ત્યારે લગાવ્યો છે જ્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે.

બીટીપીના સર્વે સર્વા છોટુ વસાવાએ જ જણાવ્યું હતું કે ગુજરાત પેટર્ન યોજનાના નામે દર વર્ષે ૮૦૦૦ કરોડ રૂપિયા આવે છે, એ યોજનાના નામેં અમુક આદીવાસી સાંસદો અને ધારાસભ્યો એનજીઓને કોન્ટ્રાકટ આપી એમાંથી પૈસા ખાઈ જાય છે. ગુજરાત પેટર્ન યોજનાના નાણા ઉપયોગ દુર્ગમ-પહાડી વિસ્તારના વિકાસ માટે વાપરવા જોઈએ, તો એ યોજનાના નાણાંનો યોગ્ય ઉપયોગ થયો છે એનો હાલની ગુજરાત સરકારે કોઈ દિવસ ખુલાસો કર્યો નથી.આ યોજનાના નામે ફળવાતું બજેટ સરકાર વનબંધુના નામે ખાઈ જાય છે.

છોટુ વસાવાએ વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના ગુજરાતના આદિવાસીઓની સમસ્યા દૂર કરવા બનાવી તે છતાં હાલની સ્થિતિએ અદિવાસીઓની સમસ્યા દૂર થતી જ નથી. ગુજરાતના વિવિધ જિલ્લાઓના પ્રભારી મંત્રીઓ ગુજરાત પેટર્ન યોજનાના નાણા એનજીઓને આપી પૈસા ચાઉ કરી જાય છે.ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ સરકાર છે, હાલની સ્થિતિ વધુ લોકો ભૂખે મરે છે અને બેરોજગાર છે.

# વ્હોરા સમાજનાં મુકાસીર સાહેબનો આજે જન્મદિવસ

**બાળકોને બિસ્કીટ, પીપરમેન્ટ, કેક અને કપડાનું વિતરણ**



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રાજકોટ, તા.૨૮

વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના માનવતાવાદી મુકાસીર ડો.આલીવકાર કાઈદ જોહરભાઈ સાહેબનો આજે ૮૨ મો જન્મદિન છે. એની પૂર્વ સંધ્યાએ રવિવારે રાજકોટમાં પછાત વિસ્તારમાં દાઉદી વ્હોરા સેવા સમાજ ગ્રુપની બહેનોએ દુરૈયાબેન મુસાણીની આગેવાની હેઠળ જુદાં જુદાં આર્થિક પછાત વિસ્તારોમાં જઈ ત્યાંના બાળકોને કપડાં, કેક, બિસ્કિટ, પીપરમેન્ટ ચોકલેટ આપી મુકાસીર મૌલાના જન્મદિને ખુશખુશાલ કરી દીધાં હતાં. દુરૈયાબેનએ જણાવ્યું હતું કે અમારા બહેનોના ગ્રુપની શરૂઆતથી મનોકામના એ રહી છે કે સમાજના છેવાડાના લોકોને શકય એટલી હેલ્પ કરો અને તે પણ જ્ઞાતિ જાતિ અને ધર્મના ભેદભાવ વગર કરો આ કામ અમો વર્ષોથી કરીએ છીએ .

આર્થિક રીતે પછાત બાળકોને અમો દરેક વાર તહેવારે અમારાથી બનતી મદદ કરીએ છીએ તેની અમને અપાર ખુશી છે.

મુકાસીર સાહેબના જન્મદિનની પૂર્વ સંધ્યાએ અમોએ બાળકોને રાજી કર્યા એની અમે ધન્યતા અનુભવીએ છીએ. (૧૪.૨)

# જેતપુરમાં ગૃહઉદ્યોગનાં ગોડાઉનમાંથી ૧૫ તેલનાં ડબ્બાની ચોરી

**બે શખ્સો ગોડાઉનમાં પ્રવેશ કરી રૂ. ૨૮૫૦૦ નો મુદ્દામાલ ચોરી કરી જતાં સીસીટીવી કેમેરામાં કેદ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

જેતપુરમાં આવેલા બળદેવધાર પાસે સાક્ષી ગૃહઉદ્યોગનાં ગોડાઉનમાંથી અજાણ્યા બે ઈસમો રૂ. ૨૮૫૦૦ ની કિંમતનાં ૧૫ તેલનાં ડબ્બાની ચોરી કરી જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ ધોરાજી રોડ પર આવેલા બી.એન.કે એપાર્ટમેન્ટમાં જેતપુરમાં રહેતા રામભરત શિવભરત ગૌસ્વામી (ઉ.વ.૫૦) નામના બાવાજી પ્રોઢએ જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે બળદેવધારમાં આવેલ સાક્ષી ગૃહઉદ્યોગ નામના કારખાનાનાં ગોડાઉનમાં રાખેલા તેલનાં ડબ્બા નંગ-૧૫ કિંમત રૂ. ૨૮૫૦૦ ની કોઈ અજાણ્યા બે ઈસમો ચોરી કરી લઇ જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે જેતપુર પોલીસનાં પી.એસ.આઈ એસ.આર.ખરાડી સહિતનાં સ્ટાફે સીસીટીવી ફૂટેજનાં આધારે તપાસ હાથ ધરી તસ્કરોને દબોચી લેવા તજવીજ હાથ ધરી છે.

## મનિષ સિસોદીયાની હાજરીમાં મહેશ સવાણી ‘આપ’માં જોડાયા

# ‘મને મોતનો ડર નથી, હું માથે કફન બાંધીને નિકળો છું’: સવાણી

**(એજન્સી સમાચાર)**

સુરત,તા.૨૮

ગુજરાતમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા રાજકારણ તેજ કરવામાં આવ્યું છે. આપમાં એક બાદ એક જાણીતા ચહેરાઓની એન્ટ્રી કરાવવામાં આવી રહી છે જેના કારણે રાજકારણમાં ચર્ચાનો વિષય બની છે ત્યારે આજે સુરતમાં જાણીતા પાટીદાર સમાજસેવી અને ઉદ્યોગપતિ મહેશ સવાણી પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. પાર્ટીમાં જોડાય બાદ સવાણીએ ભાવુક સંબોધન કર્યું હતું.

મહેશ સવાણીએ કહ્યું કે હું આમ આદમી પાર્ટીમાં જોડાયો તે પહેલા દસમાંથી પાંચ લોકોએ એવી સલાહ આપી કે જો તમે રાજકારણમાં જશો તો બીજી પાર્ટી તમને હેરાન કરશે અને તમારા બિઝનેસ પર અસર થશે. મારે સેવા કરવી છે અને સેવા કરવા માટે કામ કરીશ. હું ગરીબની ઝૂંપડીમાં બેસવાવાળો માણસ છું.



મહેશ સવાણીએ કહ્યું કે મારે સેવા કરવી છે અને તે માટે જેલમાં જવું પડે તો પણ વાંધો નથી. મને ગોળી મારી દેશે તો પણ વાંધો નથી કારણ કે મેં મારી જિંદગી જીવી લીધી છે. સમાજના કામમાં કયારેય રાજકારણ ન થવું જોઈએ પરંતુ હવે સમાજના કામમાં પણ રાજકારણ કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીને મેં સેવા કરતાં જોઈ છે એટલે હું જોડાયો છું.

તેમણે અંતમાં જણાવ્યું હતું કે, હું ત્રણ વર્ષથી જોઉં છું કે, ખિસ્સા ખાલી થઇ ગયા છે બધાના, લોકોના ધંધા નોકરી છૂટી ગયા છે અને મોટા ભાગના લોકોના પગાર અડધા થઇ ગયા છે. જે સમયે કોવિડ સેન્ટર નહોતા તે સમયે મેં સૌરાષ્ટ્રમાં બે કોવિડ સેન્ટર શરૂ કર્યા હતા અને તે સમયે ફક્ત તમે કોની સાથે જોડાયેલા છો તે જાણીના પરમીશન ન આપે. અમારી સાથે ૧૯ દર્દી હોય, તેને ટેમ્પામાં લઇ જવા અને એક મોટી ઉંમરના કાકા અમારી નજર સામે મૃત્યુ પામ્યા. આવું રાજકારણ નહોવું જોઈએ. તમે પેટ્રોલ પૂરાવો છે ત્યારે અને પેન્સિલ ખરીદો છો ત્યારે તમે ટેક્સ ભરો છો. લોકોની સેવા માટે જ હું માથે કફન બંધીને નીકળ્યો છું.

મારે ગોળી ખાવી પડે તો પણ હું તૈયાર છું.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૨૮-૦૬-૨૦૨૧, સોમવાર, જેઠ વદ-૪, સૂર્યોદય-૫-૨૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦,

આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ધનિષ્ઠા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# જમવાનું બનાવવા બાબતે ઝઘડો કરી પતિએ પત્નીને મારમારી સુષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કર્યું

**સરદાર ગૌશાળા પાસે આવેલા શીતલધાર વિસ્તારનો બનાવઃ મહિલાએ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિની કરી ધરપકડ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**


રાજકોટ, તા.૨૮

શહેરની ભાગોળે આવેલા સરદાર ગૌશાળા પાસે શીતલધાર વિસ્તારમાં પરપ્રાંતિપ મહિલાને પતિએ જમવાનું બનાવવા બાબતે ઝઘડો કરી મારમારી તેની મરજી વિરૂધ્ધ સુષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરતા પોલીસે શખ્સની ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ શીતલધાર વિસ્તારમાં આવેલી સરદાર ગૌશાળા પાસે ખરાબાની જમીનમાં ઝુંપડું કરી રહેતી ૪૨ વર્ષીય પરપ્રાંતિપ મહિલાએ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તે છેલ્લા ઘણા સમયત્યહી પતિ સાથે રાજકોટમાં રહી મજુરીકામ કરી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં બે પુત્રો છે જે હાલ દિલ્હીમાં તેની બહેનનાં ઘરે રહેતા હોય અહીંયા પતિ પત્ની એકલા રહેતા હોય ગઈકાલે મહિલાનો પતિ અરૂણસિંહ જતનસિંહ રાજપૂત નામના શખ્સે તેની સાથે જમવાનું બનાવવા બાબતે ઝઘડો કર્યો હતો. પતિ પત્ની વચ્ચે ઝઘડો થતા પતિએ તેની પત્નીને બેફામ મારમારી ગળે ટુપો આપી દઈ બેભાન થઇ જતા તેની મરજી વિરૂધ્ધ બળજબરી કરી તેની સાથે સુષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કર્યું હતું. બનાવબાદ મહિલા આજીડેમ પોલીસ મંથકે દોડી આવી આપવીતી વર્ણવતા પોલીસે તેની ફરિયાદ નોંધી હતી. મહિલાની ફરિયાદનાં આધારે મહિલા પી.એસ.આઈ એમ.ડી.વાળા, રાઈટર મેહુલભાઈ પંડ્યા સહિતનાં સ્ટાફે તપાસ હાથ ધરી મહિલાનું મેડીકલ ચેકઅપ કરાવી તેની સાથે સુસ્ટી વિરૂધ્ધનુંકૃત્ય કરનાર તેના પતિ અરૂણસિંહ જતનસિંહ રાજપૂતની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.


**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ

બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.



૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.




રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રવિવારે કાનપુર દેશભરમાં તેમના વતન ગામ પરાઉંક ગામે પહોંચ્યા હતા. તે વિમાનમાંથી ઉતરતાની સાથે જ તે ભાવુક થઈ ગયો અને એરપોર્ટ પર જ તેના વતનની માટી તેના કપાળ પર લગાવી દીધી. રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે કહ્યું હતું કે, મેં મારા સપનામાં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે ગામના મારા જેવા સામાન્ય છોકરાને દેશના સર્વોચ્ચ પદની જવાબદારી નિભાવવાનો લહાવો મળશે. પરંતુ આપણી લોકશાહી પદ્ધતિએ કરી બતાવ્યું છે.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાંથી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર શખ્સ ઝડપાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

શહેરનાં રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતી સગીરાનું એક મહિના પહેલા અપહરણ કરી લઇ ગયા બાદ સગીરા સાથે બળજબરી કરી દુષ્કર્મ કરનાર શખ્સને પોલીસે દબોચી લઇ સગીરાને મુક્ત કરાવી છે. આ અંગેની વિગત મુજબ રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતો અને કલર કામનો ધંધો કરતો રાજસ્થાની યુવાને ગાંધીગ્રામ-૨ (યુની) પોલીસમાં એક મહિના પહેલા ફરિયાદ નોંધાવી હતી કે તેની સગીર વયની પુત્રીને પડોશમાં રહેતો મીઠાલાલ ગુદડરામ ચૌહાણ (ઉ.વ.૨૧) નામનો મારવાડી શખ્સ લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઇ ગયો હોવાની ફરિયાદ નોંધાવતા પી.આઈ એ.એસ.ચાવડા સહિતનાં સ્ટાફે સગીરાની શોધખોળ આદરી હતી તે દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે સગીરા અને તેનું અપહરણ કરનાર મારવાડી શખ્સ સુરેન્દ્રનગરમાં હોવાની હકીકત મળતા પોલીસે મીઠાલાલ ગુદડરામ ચૌહાણ નામના શખ્સને દબોચી લઇ સગીરાને મુક્ત કરાવી હતી. પોલીસે સગીરાનું મેડીકલ કરાવતા અને સગીરાને પૂછપરછ કરતા મીઠાલાલે તેની સાથે બળજબરી કરી તેના પર દુષ્કર્મ કર્યું હોવાની વાત કરતા પોલીસે આ શખ્સ સામે બળાત્કારની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે.

કેન્દ્રીય પ્રધાન દ્વારા કરાયેલી ૧૦ હજાર FPO બનાવવાની જાહેરાત અંતર્ગત

# ગોંડલમાં FPO બનાવવાના આયોજન અંગે ગોમટામાં મીટીંગ યોજાઈ



## ખેડૂતોના વિકાસ માટે તાલુકાના FPO માટે જુદા–જુદા ગામમાં ૧૧ ખેડૂતોને ડિરેક્ટર બનાવી ખેડૂતોની સંસ્થા સ્થાપવાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

કેન્દ્રીય વડાપ્રધાન દ્વારા ગયા વર્ષે ૧૫ મી ઓગસ્ટએ લાલ કિલ્લા ઉપર આખા દેશની અંદર દશ હજાર FPo બનાવવાની જાહેરાત કરેલ હતી. સરકાર દ્વારા ત્રણ- ચાર સંસ્થાઓને આ કામ આપેલ છે. તેમાની એક સંસ્થા છે નાબાડ, નાબાર્ડ દ્વારા નિયુક્ત કરેલ AFC INDIA LTD. મારફત ભારતીય કિસાન સંઘ દ્વારા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાની અંદર ખેડૂતોના વિકાસ માટે ખેડૂતોની એક સંસ્થા FPO બનાવવાના આયોજન માટે ગોંડલ તાલુકાના ગોમટા ગામની અંદર મિટિંગનું આયોજન રાખેલ હતું.

દિલીપભાઈ સખીયા દ્વારા FPO દ્વારા ગામડાના ખેડૂતોનો વિકાસ થાય તેમજ ખેડૂતોની દરેક જણસના વધારેમાં વધારે ભાવ કેમ મળે તેના માટે જે તે જણસના વધારેમાં વધારે PROCESSING UNIT ના આયોજન માટેની પણ વાતચીત થયેલ હતી. વધારેમાં વધારે ખેડૂતોની ભાગીદારી વધે અને ખેડૂતો વધારેમાં વધારે કેમ સધ્ધર થાય તેની પણ વાત કરેલ હતી. તેમજ વિછીયા તાલુકાના અગ્રણી રમેશભાઈ લકી એ પણ FPO વિશેની માહિતી આપી હતી. ખેડૂતોના વિકાસ માટે ગોંડલ તાલુકાના FPO માટે અલગ અલગ ગામમાં ૧૧ ખેડૂતોને ડિરેક્ટર બનાવી અને ૧૫૦૦ જેટલા ખેડૂતોને સભ્ય બનાવીને ખેડુતોની સંસ્થા સ્થાપવાનું આયોજન કરેલ હતું. આ સંસ્થા દ્વારા ખેડૂતોના વિકાસ માટેના કોઈપણ કાર્યક્રમો, ખેડૂત વિકાસ ના કોઈપણ આયોજન કરવા માટે આ ટીમે બાહેંધરી લીધી હતી.

ગોંડલ તાલુકાના FPO માટે જમનભાઈ કાલરીયા, ભરતભાઈ પાંભર, બીપીનભાઈ વાછાણી, રાહુલભાઈ સાવલિયા, રમેશભાઈ પદમાણી, વલ્લભભાઈ કોરાટ, દિનેશભાઈ મોરી, વલ્લભભાઇ ઠુંમર, કિરણભાઈ સાવલિયા, મનસુખભાઈ રાખોલીયા અને લીલાબેન પાંભરની નિમણૂંક કરવાની વાત થયેલી હતી. આ મિટિંગની અંદર ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ દિલીપભાઈ સખીયા, જિલ્લા સદસ્ય રમેશભાઈ લક્કી, રાજકોટ તાલુકા પ્રમુખ ભૂપતભાઈ કાકડીયા, જિલ્લા કોષાધ્યક્ષા બચુભાઈ ધામી, જિલ્લા સદસ્ય લક્ષ્મણભાઈ શિગાળા, જિલ્લા સદસ્ય ધનજીભાઈ ગમઢા તેમજ જિલ્લા સદસ્ય મોહનભાઈ ગોમટા આગેવાનોએ હાજરી આપેલ હતી.

# ખેડૂતોના પાક ધિરાણ મુદત ૧૫ જુલાઈ સુધી કરવા મુખ્યમંત્રીને રજૂઆત

## વ્યાજદરમાં રાહત આપતો રાજય સરકારનો પરિપત્ર બેંકો અમલ ન કરતી હોવાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૨૮




લાઠી બાબરા ના ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને પત્ર પાઠવી રજુઆત કરેલ છે કે પાક ધીરાણમાં ખેડૂતોને પૂરતી વ્યાજદર માં રાહત આપી મુદતમાં વધારો કરી આપવા જણાવ્યું છે તેઓએ જણાવ્યું છે રાજ્ય સરકાર દ્વારા ૩૦ જૂન સુધી પાક ધિરાણમાં નવા જૂનું કરવાની છૂટ હોવા છતાં અમુક કોમર્શિયલ બેન્ક પૂરતું ૭% વ્યાજ વસુલ કરતી હોવાની ફરિયાદ પણ ઉઠી હોવાની જણાવી તપાસ કરવાની માંગ કરેલ છે.

ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે રાજ્યના મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે ખેડૂત પોતાનું પાક ધિરાણ સમય મર્યાદા પૂર્ણ કરે તો તેને રાજ્ય સરકાર નું ૪% અને નાબાર્ડ નું ૩% વ્યાજ ની માફી મળતી હોય છે પણ અને તેની જાહેરાત પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે પણ મોટાભાગની કોમર્શિયલ બેંકો દ્વારા ખેડૂતોને કોઈપણ પ્રકારની વ્યાજદરમાં રાહત આપતી નથી તેમજ બેન્કમાં આવો કોઈ પરિપત્ર પણ આવ્યો નથી તેવું ખેડૂતોને જણાવી રહી છે તેવું પોતાના વિસ્તારમાં પ્રવાસ દરમિયાન ધ્યાનમાં આવતા આપની સમક્ષ રજૂઆત કરી ખેડૂતોને રિફંડ આપવા જણાવ્યું હતુ.

તેમજ અમરેલી જૂનાગઢ અને ગિરસોમનાથ જિલ્લામાં તૌકતે વાવાજોડાના કારણે વીજપુરવઠો ખુબજ મોડો પૂર્વરત થયો હતો જેથી ખેડૂતોને પાક ધિરાણમાં જે સમય મળવો જોઈએ તે મળ્યો નથી માટે હજુ ૧૫ જુલાઈ સુધીની ખેડૂતોને મુદત મળે તે જરૂરી છે તેમ અંતમાં ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું.(૧૪.૯)

આહિર સમાજ વૈચારિક ક્રાંતી ગ્રૃપ દ્વારા

# તળાજામાં થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે રકતદાન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

તળાજા, તા.૨૮



સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણના ઉદ્દેશથી આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ તળાજા દ્વારા નીલકંઠ વિદ્યાપીઠ તળાજા ખાતે ભાવનગર બ્લડ બેન્કના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સમાજના સૌ યુવાનો જોડાયા હતા અને સમાજ અને રાષ્ટ્રને મદદ રૂપ થવાની ફરજ બજાવી હતી. આ કાર્યક્રમમાં આહિર સમાજના વિવિધ અગ્રણીઓ જોડાયા હતા.

જેમાં આંતરરાષ્ટ્રીય લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, લોકસાહિત્યકાર નાજાભાઇ આહીર લોકસાહિત્યકાર, જીગ્નેશભાઈ કુંચાલા, તાલુકા પંચાયત તળાજાના સદસ્ય ભીખુભાઈ ભાદરકા, ઘુસાભાઇ ચોપડા, ઝીણાભાઈ ડાંગર, લક્ષ્મણભાઈ કામળિયા- વૃંદાવન હોન્ડા તળાજા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ ના ભાવનગર જિલ્લાના કન્વીનર- ગુણવંતભાઈ આહીર, સહ કન્વીનર - વિજય ભાઈ આહીર, સહ કન્વીનર- લાખાભાઈ ભુવા, તળાજા કન્વીનર- ડોક્ટર દિનેશભાઈ લાડુમોર ,સહ કન્વીનર - સામતભાઈ ભંમર, સહ કન્વીનર- રાજેશભાઈ ડાંગર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં માયાભાઈ આહીર રક્તદાન કરી સમાજના સૌ યુવાનો ને રક્તદાન કરવા માટે અપીલ કરી હતી અને આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ ને સુંદર કાર્યક્રમ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૮ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આહિર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ કાર્યક્રમમાં સાથ સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.(૧૩)

# વોર્ડ નં.૪ માં ભગવતીપરામાં રૂ.૪ લાખના ખર્ચે પેવિંગ બ્લોક રૂ.૧.૨૫ લાખના ખર્ચે પાણી પાઈપલાઈનનું ખાતમુહુર્ત કરતા રૈયાણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરના વોર્ડ નં.૪માં ભગવતીપરામાં બોરીચા સમાજની વાળી પાસે અંદાજીત રૂ.૪ લાખના ખર્ચે પેવિંગ બ્લોકનું ખાતમુહુર્ત તથા રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં અંદાજીત રૂ.૧.૨૫ લાખના ખર્ચે પાણીની પાઈપલાઈનનું ખાતમુહુર્ત ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીના વરદ હસ્તે કરવામાં આવેલ.

જેમાં, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ સોનલબેન ચોવટીયા, વોર્ડ નં.૪ કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા, વોર્ડ નં.૪ કોર્પોરેટર કાળુભાઈ કુંગસિયા, વોર્ડ નં.૪ કોર્પોરેટર કંકુબેન ઉધરેજા, વોર્ડ નં.૪ કોર્પોરેટર નયનાબેન પેઢડીયા, વોર્ડ નં.૪ પ્રભારી દીપકભાઈ પનારા, વોર્ડ નં.૪ પ્રમુખ સી.ટી.પટેલ, વોર્ડ નં.૪ મહામંત્રી દિનેશભાઈ ચૌહાણ તથા કાનાભાઈ ઉધરેજા, શિક્ષણ સમિતિ સભ્ય રવિભાઈ ગોહેલ તથા દીપકભાઈ વઘાસીયા, વોર્ડ અગ્રણી કાલીભાઈ, દીપકભાઈ વઘાસીયા, હિતેશભાઈ મઠીયા તેમજ સ્થાનિક આગેવાનો ચકુભાઈ, ડાયાભાઈ, બાબુભાઈ, ભરતભાઈ, દેવાનંદભાઈ, વિપુલભાઈ, ટીનાભાઈ બોરીચા, દેવાયતભાઈ, મેહુલભાઈ, દેવદાનભાઈ કુન્ગશીયા, દેવાભાઈ સવસેતા વગેરે ઉપસ્થિત રહેલ.

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે

# રાજકોટમાં દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

## ૧ જુલાઈએ ઓળખપત્ર અને ડોકટરી સર્ટીની ઝેરોક્ષ સાથે દર્દીઓને સ્થળ પર પહોંચવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા. ૧ જુલાઈ ગુરુવાર થી ૩ જુલાઈ સુધી આ જયપુર ફૂટ કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર, આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરિયાત મંદોને વિનામૂલ્ય કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા. ૧ જુલાઈ ને ગુરુવારના રોજ સવારે ૮:૩૦ કલાકે સરગમ ભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા. ૧ જુલાઈ ના રોજ સવારે ૮.૩૦ ખાસ ઉપસ્થિત રહેવું. આ કેમ્પ ત્રણ દિવસ ચાલશે પણ દર્દીઓએ તા. ૧ જુલાઈના રોજ સવારે ૮.૩૦ કલાકે રૂબરૂ આવી જવું અને નામ નોંધાવી દેવું. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે.(૧૩.૭)

# કેશોદઃ ડો.વિપુલએ કમ્પ્યુટર સાયન્સ વિષયમાં ph.D.ની ડીગ્રી મેળવી

## ખેડૂત ઉપયોગી મોબાઈલ એપ્લીકેશન પર સંશોધન કરતા માધવ યુનિ. દ્વારા પદવી એનાયત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૨૮



કેશોદના વિપુલભાઇ રાજાભાઇ ગરચર કે જેઓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં વહીવટી વિભાગમાં ફરજ બજાવે છે. તાજેતરમાં ડો.વિપુલભાઇએ કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે ડો.સંજય ચૌધરીના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ રજુ કરતા માધવ યુનિવર્સિટી, રાજસ્થાનએ તેમને માન્ય રાખી પીએચ. ડી. ની પદવી એનાયત કરી છે. ડો. વિપુલભાઇ ગરચરએ સંશોધન દરમિયાન ખેડુત ઉપયોગી મોબાઇલ એપ્લીકેશન ડેવેલપ કરી જેમાં વિવિધ પાકો, તેમાં આવતા રોગ, તેમાં આવતી જીવાતોની તમામ માહિતી, હવામાનની આગાહી, તજજ્ઞો પાસેથી માર્ગદર્શન માટે સવાલ-જવાબ, ખેડુતલક્ષી સમાચારો, સ્વયંમ પરીક્ષણ, એ.પી.એમ.સી.ના હાલના બજાર ભાવ, વિડીયો ગેલેરી, બુક લાઇબ્રેરી, તેમજ ખેડુત પોતાના ખેતર પર પાકમાં આવતા રોગના ફોટોગ્રાફ એપ્લીકેશનમાં અપલોડ કરતા તેમાં રહેલા રોગ જણાવે તેવી સુવિધા મુકવામાં આવેલ છે. સમગ્ર કેશોદ તાલુકામાં સર્વજ્ઞાતીમાં પ્રથમ વ્યક્તિ કે જેમણે કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં Ph.D.ની ડીગ્રી મેળવી ડો. વિપુલભાઇએ તેમની આ સિધ્ધીથી સમસ્ત રબારી સમાજનું તેમજ કેશોદ તાલુકાનું ગૌરવ વધારેલ છે.(૧૪.૭)

# મોચી જ્ઞાતિ સમાજ દ્વારા જ્ઞાતિબંધુને આર્થિક સહાય

## જ્ઞાતિ દાતાઓ–સમાજને મદદરૂપ બનવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮




રાજકોટ શહેરમાં વસતા જ્ઞાતિનાં આર્થિક રીતે નબળા કુટુંબોને અપાતી વાર્ષિક સહાય કે જેના લાભાર્થીઓ ૬૦ વર્ષથી વધુ ઉમરનાં વિધવા બહેનો તથા નિરાધાર ભાઈઓ અને પોતાના નામનું સ્વતંત્ર રેશનકાર્ડ ધરાવતા હોય તેવા તથા સગીર સંતાન ધરાવતા વિધવા બહેનોને સહાય આપવા માટે ચાલુ વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે તો આ ભગીરથ સેવા કાર્યમાં દાનભેટની રકમ આપવા ટ્રસ્ટ તરફથી જ્ઞાતિદાતાઓ, આગેવાનો તથા જ્ઞાતિજનોને વિનંતી કરવામાં આવે છે. આપણા દાનભેટની રકમ ટ્રસ્ટ કાર્યાલયમાં જમા કરાવી પહોંચ મેળવી લેવી. લાભાર્થીઓએ દસ્તાવેજી પુરાવાઓ અસલ સાથે ઝેરોક્ષ નકલ લાવવાની રહેશે. લાભાર્થીનો ફોટો, રેશનકાર્ડ ઝેરોક્ષ, બેંક ખાતાની પાસબુક, આધારકાર્ડ સગીર સંતાન ધરાવતા લાભાર્થી માટે સંતાનની ઉમર પંદર વર્ષથી વધુ તેવી જોઈએ નહીં. તા. ૧/૭ થી તા. ૩૧/૭ સુધી જાહેર રજાનાં દિવસ સિવાય સાંજનાં ૪ થી ૬ માં લાભાર્થીએ રૂબરૂ હાજર રહીને ફોર્મ ભરવાનું રહેશે.(૧૪.૧૫)

# શહેરના તમામ વોર્ડના શકિત કેન્દ્રો પર 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

## શહેર ભાજપ કાર્યાલય ખાતે કમલેશ મિરાણી, ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા,કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ડો.પ્રદીપ ડવ, રક્ષાબેન બોળીયા, જીતુભાઈ મહેતા સહીતના ઉપસ્થિત રહ્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

દર માસના અંતિમ રવીવારે નરેન્દ્રભાઈ મોદી મન કી બાત કાર્યક્રમ દ્વારા પોતાના વિચારો શેર કરે છે. આ કાર્યક્રમમાં લોકો પોતાના વિચારો રજુ કરે છે.

શહેરના તમામ વોર્ડના શક્તિકેન્દ્રો પર શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ મન કી બાત કાર્યક્રમ યોજાયો હતો. ત્યારે ભાજપ દ્વારા ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા માટે પ્રેરણાસ્ત્રોત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ થી તા.૬ જુલાઈ સુધી તેમની જન્મજયંતિ સુધી સ્મૃતિ દિન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા હોય, શહેર કક્ષાએ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ વોર્ડના દરેક શક્તિકેન્દ્રો ખાતે મન કી બાત કાર્યક્રમ યોજાયેલ જેમાં શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર અને રાજુભાઈ બોરીચા ઝોનવાઈઝ અને તમામ વોર્ડપ્રમુખોએ

વોર્ડ વાઈઝ જવાબદારી સંભાળેલ ત્યારે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મેયર ડો. પ્રદીપ ડવ, રક્ષાબેન બોળીયા, જીતુભાઈ મહેતા, અનિલભાઈ પારેખ, હરેશભાઈ જોષી સહીતના અગ્રણીઓએ મન કી બાત કાર્યક્રમ નીહાળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા રમેશભાઈ જોટાંગીયા, શૈલેષ હાપલીયા, જય સોનાગ્રા, સહીતનાએ જહેમત ઉઠાવેલ હતી.

તેમજ આ તકે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાતને સૌપ્રથમ રમતવીર મીલ્ખાસીંઘને યાદ કરી શ્રધ્ધાજંલી પાઠવી હતી, અને દેશના યુવાનોને રમત-ગમત ક્ષેત્રે આગળ વધવા અનુરોધ કરેલ હતો.

તેમજ કૃષી ક્ષેત્રે સુધારા થાય તે અંગે પણ ભાર મુક્યો હતો અને ખાસ કરીને કોરોનાની મહામારી ફરી ન સર્જાય તે માટે દેશવાસીઓને રસી લેવા અંગ અનુરોધ કર્યો હતો.(૧.૫)

# અમરેલીઃ ચિતલ સરસ્વતિ વિદ્યામંદિર ખાતે ૭૦ મો નેત્રયજ્ઞ યોજાયો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૨૮

વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિતલસરસ્વતિ વિદ્યા મંદિર ખાતે ૭૦મો નેત્રયજ્ઞ સ્વ.કેશુભાઈ પરમાર ની સ્મૃતિમાં યોજાઈ ગયો જેનું ઉદ્ઘાટન અમરેલીના જાણીતા ડોકટર પી.પી. પંચાલ સાહેબના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય સુરેશભાઈ પાથર ,લુહાર જ્ઞાતિના પ્રમુખ નટુભાઈ ડોડીયા, સજિયાંવદર હાઈસ્કૂલ ના આચાર્ય ગજેરા, સુખદેવસિંહ સરવૈયા ,મુકેશ ભાઈ પડયા,હિતેશગોરી બાપુ ખાસ ઉપસ્થિત રહેલ. આ તકે સંસ્થા ના પૂર્વ છાત્ર તેજસ પરમાર નાયબ મામલતદાર તરીકે પસંદ થતાં તેમજ સંસ્થામાં વોટર કૂલર ભેટ માટે હિતેશગીરી ગોસાઈનું સંસ્થા તરફ સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ ઇતેશભાઈ મહેતાએ કરેલ. જ્યારે કેમ્પ ને સફળ બનાવવા હસુભાઈ ડોડીયા, રાજુભાઈ ધાનાણી, બિપીનભાઈ દવે,સંજયભાઈ લીબાસિયા, છગનભાઈ પટેલ, ખોડુભાઈ ધધુકિયા, વગેરે જહમત ઉઠાવેલ.(૧૪.૬)

# માણાવદરનાં વોર્ડ. ૪ માં સી.સી. રોડની કામગીરી નબળી હોવાની વિસ્તારવાસીઓની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૨૮

છેલ્લા ઘણા સમયથી સી.સી.રોડની સમગ્ર શહેરમાં અનેક સ્થળોએ લોટ-પાણી ને લાકડાની સ્થિતિ છતાં પણ કોઈ યોગ્ય પગલા નહીં લેવાના હોવાની આમ જનતામાંથી ફરિયાદો ઉઠી છે. માણાવદરનાં વોર્ડ-૪ અનુસુચિત જાતિનાં વિસ્તારમાં સી.સી.રોડની નબળી કામગીરી થઇ હોવાનું રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં પ્રમુખ ભાવીન રાઠોડ દ્વારા ચીફ ઓફિસરને તા.૧૮ જુનની ફરિયાદ આપેલ જેમાં જણાવેલ કે, વોર્ડ.૪ માં સી.સી.રોડની કામગીરી નબળી થઇ છે. નિયમોનુસાર મટીરીયલ વપરાયું નથી. સિમેન્ટની જગ્યાએ ભૂકી વપરાતી હોવાની ચોકાવનારી ફરિયાદો ઉઠી છે. આ ફરિયાદ નગરપાલિકા નિયામક-ભાવનગર સુધી કરેલ છતાં અધિકારીઓએ પગલા લીધા નથી.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## આજે પણ રાજકોટમાં કોવિશિલ્ડ ખલ્લાસ, એક અઠવાડિયા સુધી રાહ જોવી પડશે

કેન્દ્રમાં ફરજ બજાવતા ડોકટરે જણાવ્યું હતું કે, કોવિશિલ્ડ છે તેની જગ્યાએ કોવેક્સિન ૨૦૦ ડોઝ એક કેન્દ્ર પર આવે છે. કોવિશિલ્ડની વેક્સિન એક અઠવાડિયા પછી આવશે. કોવિશિલ્ડની જેમ જ કોવેક્સિન કામ કરે છે. આથી લોકોએ ગભરાયા વગર કોવેક્સિન લેવી જોઇએ. મનપાના તમામ આરોગ્ય કેન્દ્રો પર ૬૨ સાઇટ શરૂ કરી વેક્સિનેશનની કામગીરી કરે છે. રવિવારે વેક્સિનનો પૂરતો જથ્થો ન હોવાથી ૧૦ સાઇટ બંધ કરવાની ફરજ પડી હતી. વેક્સિનનો પૂરતો જથ્થો મળતો ન હોવાથી અનેક લોકોને વેક્સિન મુકાવ્યા વગર પરત જવું પડે છે. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, રવિવારે સાંજે મનપા પાસે ૮૫૦૦ ડોઝ કોવેક્સિનનો સ્ટોક છે અને કોવિશિલ્ડનો એક પણ ડોઝ નથી. આથી સોમવારે ૬૨ સાઇટમાંથી અડધો અડધ સાઇટ બંધ રાખવી પડશે અને કોવેક્સિનનો બીજો ડોઝ લેવા આવતા વ્યક્તિઓને પ્રથમ તક આપી તેમને વેક્સિન મૂકવામાં આવશે.

## રાજકોટમાં વેક્સિનનો સ્ટોક ખાલી, રસીકરણ કેન્દ્રોમાં અફડાતફડી : વિપક્ષી નેતા

પ્રક્રિયામાં લોકોને આપવાની વેક્સીનનો સ્ટોક ખાલી થઇ જતા ભારે ઉહાપોહ થયો છે અને રસીકરણ કેન્દ્રોમાં અફડાતફડી મચી છે તેમજ મહાનગરપાલિકા દ્વારા પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા ન રાખેલ હોવાથી તમામ રસીકરણ કેન્દ્રોમાં અવ્યવસ્થા સર્જાઈ છે અને ધક્કામુક્કી અને માથાકૂટ થવાના બનાવો સામે આવી રહ્યા છે. રસીકરણ કેન્દ્રોમાં જ સોશિયલ ડિસ્ટન્સ નો સંપૂર્ણપણે અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે ત્યારે એક સાંધો ને તેર તૂટે તેવી સ્થિતિ આરોગ્ય વિભાગની અવ્યવસ્થાથી સર્જાઈ છે. રાજકોટની જનતા જોઈ શકે તેવી રીતે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર વેક્સીનનો સ્ટોક દર્શાવવા અને સત્વરે સ્ટોક મંગાવી રાજકોટની જનતાને વેક્સીન આપવા અમો માંગણી કરીએ છીએ.

## રાજકોટઃ ઉપલાકાંઠાના ૨૦૦ કાર્યકરો 'આપ' માં જોડાયા

જેટલા કાર્યકરો 'આપ' માં જોડાયા હતા. કાર્યકરોને ખેસ પહેરાવીને આવકારેલ. ગુજરાત આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલ તથા શહેર પ્રમુખ શીવલાલભાઈ બારસીયા, સંગઠન મહામંત્રી રાહુલભાઈ ભુવા, મહામંત્રી સંજયસિંહ વાઘેલા તથા મંત્રી મુન્નાભાઈ ગઢવી હાજર રહેલ હતા. તેમ અખબારી યાદીમાં 'આપ' શહેર પ્રમુખ શીવલાલ પટેલએ જણાવ્યું છે.(૧.૭)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## મવડીની શિવ શક્તિ ડેરીમાં ચાર લોકોનો સામુહિક આપઘાતનો પ્રયાસ

ડેરીમાં બપોરના સમયે એકાંએક ગૌતમ પાર્કમાં રહેતા મંજુબેન ગુલાબભાઈ વાઘેલા (ઉ.વ ૪૫), ભાનુબેન ઉર્ફ ગૌરી નટુભાઈ ચાવડા (ઉ.વ ૩૯), શોભના રસિકભાઈ ચાવડા (ઉ.વ ૪૦) કેતન સાગઠિયા (ઉ.વ ૩૫)એ ધસી જઇ ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરી બેશુદ્ધ થઈ ઢળી પડ્યા હતા. બનાવ અંગેની જાણ થતાં દલિત સમાજના ટોળે ટોળા ઉમટ્યા હતા અને ચારેયને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.આ ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ વી.જે.ધોળા સહિતનો સતાફ દોડી ગયો હતો. આ બનાવના પગલે દલિત સમાજના પ્રમુખ માધુભાઈ ચાવડા પણ સિવિલ હોસ્પિટલમાં દોડી ગયા હતા. બનાવ અંગે અનુ.જાતિ સમાજનાં પ્રમુખ માધુભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, તા. ૨૮-૬-૨૦૨૧, સોમવાર છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષ થયા જમીન વેચાતી લઈને કાચા પાકા મકાનો બનાવીને રહીએ છીએ. આ જમીન એક હજાર રૂપીયે વાર હતી. ત્યાર થી ખરીદી અત્યારે એક લાખની વાર જમીન છે. આવી તેજીનાં ભાવથી અમુક લોકો માથાભારે ઝનુની લાગવગવાળા રાજકીય ઓથ ધરાવનારા અને પૈસા પાત્ર લોકોની નજર આ જમીન ઉપર પડેલ છે. જેથી ઘણા સમય પહેલા અમારી જાણ બહાર આ જમીનના સાચા ખોટા કાગળીયા બનાવી અમોને અહીંથી કાઢી મુકવાં ભગાડી મુકવા પડયંત્ર ગોઠવાઈ ગયેલ છે. જેમાં શામ, દામ, દંડ, ભેદ નીતી રીતી અપનાવાઈ રહેલ છે. સમગ્ર ષડયંત્ર રચનાર જીતુભાઈ વસોયા, પટેલ જગદીશભાઈ અકબરી, વિનુભાઈ ઠુંમર આ ત્રણેય શખ્સો પડદા પાછળ રહિને પોતાની મેલી મુરાદ પાર પાડવા અમોને અમા અમારા પરીવારને ગુંડા લોકો દ્વારા અસામાજીક તત્વો ધ્વારા ધાક ધમકીઓ આપે છે. હાથ પગ ટાટીયા ભાંગી નાખવાની ધમકીઓ આપે છે. મા બેન સમાણી ભુંડા બોલી ગાળો આપે છે. અમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી બે ફામ ગાળો બોલે છે. અમો કયાંય કામ ધંધે મજુરીએ જઈ શકતા નથી. ઉપર આકાશ અને નીચે ધરતી ઉપરથી ચોમાસાની રૂતુ અમારે જીવવું મહા મુશ્કેલ બની ગયેલ છે. આવી પરીસ્થીતી ઉભી કરનાર આ ત્રણેય શખ્સો છે. (૧) જીતુભાઈ વસોયા પટેલ, (૨) જગદીશભાઈ અકબરી, (૩) વનુભાઈ ઠુંમર જેઓના ત્રાસથી અમો સામુહિક રીતે મરવા મજબુર થઈ ગયેલ છીએ. જેથી આજે મહીલા સહિત ચાર લોકોએ બિલ્ડરોનાં ત્રાસથી કંટાળી જુલ્મ ત્રાસથી કંટાળીને મરી જવાનો રસ્તો અપનાવેલ છે.

# રાજકોટ જીલ્લાના ૧૬ ગામોમાં લોક દરબાર યોજાયો

## ''મારૂ ગામ સો ટકા વેકિસન યુકત ગામ, કોરોના મુકત ગામ'' ના મંત્રને સાકાર કરવા ગ્રામજનોને અપીલ કરતા ભુપત બોદર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮

જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરે કુવાડવા, જીવીપર (બા), સાતડા, જીયાણા, વાંકવડ, સૂર્યરામપર, ખીજડીયા, રાણપુર, સણોસરા, નાગલપર, ખોરાણા, રાજગઢ, હડાળા, કોઠારીયા, બેડી (વા) અને કાગદડી ગામોની મુલાકાત લીધેલ હતી. આ મુલાકાત દરમ્યાન ગામના તમામ પ્રશ્નોનો જેવા કે રોડ-રસ્તા રીપેરીંગ, સિંચાઈ, શાળા અને આંગણવાડી સબંધી પ્રશ્નો, પશુ દવાખાના તેમજ આરોગ્ય અને રસીકરણ સંબંધી પ્રશ્નો તેમજ મનરેગા સબંધિત પ્રશ્નોના હલ માટે સંબંધિત અધિકારીઓને સ્થળ પર જ સીધી સૂચના અને માર્ગદર્શન પ્રમુખ બોદર દ્વારા આપવામાં આવ્યા. દરેક ગામમાં ૧૦૦ ટકા રસીકરણ થાય તે માટે પ્રમુખ બોદરે ખાસ આગ્રહ કરેલ અને તે માટે ગામના આગેવાનો અને વડીલો સાથે મુલાકાત કરીને સમજણ આપેલ હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ પણ ઘરે-ઘરે જઈને લોકોને રસી લેવા માટે સમજાવશે.

જેથી કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે રક્ષણ મળી શકે. લોકોમાં વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ લાવવા દરેક ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને વધુ ને વધુ વૃક્ષારોપણ થાય તે માટે દરેક ગામજનોને ખાસ ભલામણ કરવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા વિકાસ અધિકારી પી.સી. પરમાર, IRD શાખાના નિશાબેન ઢોલરીયા, વિસ્તરણ અધિકારી વાઘેલાભાઈ અને પશુપાલન વિભાગના મગનભાઈ ડોબરીયા વગેરે અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયત સદસ્ય સંજયભાઈ રંગાણી (કુવડાવા), ICDS ચેરમેન રાજેશભાઈ ચાવડા, રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ પ્રકાશભાઈ કાકડિયા, ભાજપ તાલુકા પ્રમુખ બાબુભાઇ નસીત, તાલુકા પંચાયત સદસ્ય ચેતનભાઈ કથીરિયા (ખોરાણા), કાનજીભાઈ મેઘાણી, RDC બેન્કના ડિરેક્ટર શૈલેષભાઇ ગઢીયા, ગઢકા ગામના સરપંચ કેયુરભાઈ ઢોલરીયા, ભીખાલાલ પાંવ વગેરે આગેવાનો પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ માટે ખાસ હાજર રહેલ હતા અને તમામ પ્રશ્નો હલ કરવામાં માટે પ્રમુખ ભુપતભાઇ બોદર દ્વારા જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત તમામ સરપંચ અને ગ્રામજનોની રજુઆતને ધ્યાનમાં લઈને નવા કામોનું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બાદ જીલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરે સર્વે આગેવાનો અને અધિકારીઓનો આભાર માન્યો હતો અને લોકસેવાના કાર્યોમાં જોડાવા અપીલ કરી હતી.(૧.૨)

### શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા

# જ્ઞાનપ્રબોધિની પ્રોજેકટમાં આર્થિક જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી બનાવવાની સુવર્ણ તક

## ઈચ્છુંક વિદ્યાર્થીઓએ ૫ જુલાઈ સુધીમાં ટ્રસ્ટના કાર્યાલય ખાતે અરજી કરવા અનુરોધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮

શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, કિલ્લોલ , ૧- મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ ખાતે છેલ્લા ૨૧ વર્ષથી ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ બાળકો માટે જ્ઞાનપ્રબોધિની પ્રોજેકટ ચલાવવામાં આવે છે.

સરકારી તેમજ ખાનગી શાળાઓમાં ધો. ૭ ની છ માસિક પરિક્ષામાં ૮૫ % કે તેથી વધુ ટકાવારી સાથે ઉતીર્ણ થનાર બાળકો આ પ્રોજેકટમાં પસંદગી પામવા પ્રવેશ પરીક્ષા આપવા હકદાર બને છે. પરંતુ ચાલુ વર્ષે કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ વખતે નવી બેચની પ્રવેશ પરીક્ષામાં બેસવા માંગતા વિદ્યાર્થીઓનાં ધો. ૫-૬-૭ ની પરીક્ષામાં મેળવેલ ગુણની એવરેજ કાઢી પ્રવેશ પરીક્ષા આપવાની લાયકાત નકકી કરવામાં આવેલ છે. જે મુજબ ધો.૫માં વાર્ષિક પરિણામમાં ધો. ૬ માં ૬ માસિક પરિક્ષામાં તેમજ ધો. ૭ માં ૬ માસિક પરિક્ષામાં ૮૫% કે તેથી વધુ ટકાવારી મેળવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા આપવા માટે લાયક રહેશે. ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા.૫ જુલાઈ સુધીમાં ટ્રસ્ટનાં કાર્યાલય ખાતે અરજી કરવા એક યાદીમાં જણાવાયું છે. પરીક્ષા જે-તે સમયની પરિસ્થિતી અને સંજોગોને આધિન લેવામાં આવશે. જેની લાગતા વળગતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ અને શાળા સંચાલકોએ નોંધ લેવા વિનંતી છે.

આ પ્રોજેકટ અંતર્ગત દર વર્ષે ૫૦૦ થી ૬૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષા આપે છે. જેમાંથી ૨૦ થી ૨૫ બાળકો પસંદ કરવામાં આવે છે અને ધો. ૮ થી તેઓને શહેરની શ્રેષ્ઠ સ્કૂલોમાં એડમિશન અપાવી ધો. ૧૨ સુધીની સ્કૂલ ફી, પુસ્તકો, માર્ગદર્શિકાઓ, યુનિફોર્મ, બુટ, મોજા, દફતર સહિતનો તમામ શૈક્ષણિક ખર્ચ ટ્રસ્ટ ભોગવે છે. ઉપરાંત ટ્રસ્ટમાં ગ્રુપ ટયુશનની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે, સ્કૂલે જવા આવવા માટે સાયકલ પણ આપવામાં આવે છે તેમજ જરૂર પડયે વિનામૂલ્ય આરોગ્ય સારવારનો ખર્ચ પણ ટ્રસ્ટ ભોગવે છે.

ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીની ખાસ વિનંતી છે કે જે શિક્ષકો પાસે થોડો ફાજલ સમય હોય અને સેવાના ભાવથી આ ટ્રસ્ટના સેવાયજ્ઞમાં જોડાવા ઈચ્છતા હોય તેવા શિક્ષકોને માનદ વેતન સાથે આ ટ્રસ્ટ આવકારે છે. તેના માટે ટ્રસ્ટની ઓફિસે ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫/ ૨૭૦૧૦૯૮ ઉપર સંપર્ક કરી શકે છે. તેમ ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટની એક યાદીમાં જણાવવામાં આવેલ છે. ટ્રસ્ટના ચેરમેન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અંતર્ગત આ જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેકટનું સંચાલન કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓના ઘડતરની વ્યકિતગત કાળજી લેવા માટે ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ અન્ય ટ્રસ્ટી મહેશભાઈ ભટ્ટ, ડો. મેહુલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી, અમિનેષ રૂપાણી તથા પ્રોજેકટ કમિટિ મેમ્બર્સઓ અરવિંદભાઈ બગડાઈ, જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, સી.કે.બારોટ, મીરાબેન મહેતા, ગીતાબેન તન્ના, ભારતીબેન બારોટ તથા હસુભાઈ ગણાત્રા જહેમત ઉઠાવે છે.(૧૩.૧)



# દાદાને કઠોળનો શણગાર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** સાળંગપુરઃ સુપ્રસિધ્ધ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામમાં શનિવારના રોજ પૂજારી સ્વામી ધર્મકિશોરદાસ દ્વારા મગ, વટાણા, દાળ, ચણા વગેરે કઠોળનો દિવ્ય શણગાર કરવામાં આવેલ તથા મંગળા આરતી સવારે ૫-૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા તથા શણગાર આરતી સવારે ૭ કલાકે કોઠારી વિવેકસાગરદાસ સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આ દિવ્ય દર્શનનો ઓનલાઈન તથા રૂબરૂ લાભ હજારો ભકતોએ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.(૧૪.૧)

# ''ઝરૂખો''

## માણસ વર્તમાનમાં જીવી શકે છે?

આપણને જે સૌથી સહેલાઇથી જો કંઇક મળે છે ને તો તે ''શિખામણ'' છે. એક શિખામણ આપણને વર્તમાનમાં જીવવા માટેની હોય છે. પણ આપણે જે ભૂતકાળમાં ભૂલતા નથી ને તેનો ભાર રાખવાના બદલે અને જે ભવિષ્યમાં આવ્યો નથી તેની ચિંતા કરવાના બદલે કે પછી શેખચલ્લી જેવા સપનાનાં બદલે વર્તમાનમાં જીવવાની સલાહ છે તો સાદીમાં પણ વ્યવહારમાં માણસ વર્તમાનમાં જીવી શકે છે. ખરો? મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો વર્તમાન કાળએ સમયનો એક ચોક્કસ ટુકડો નથી કે જે સ્થિર હોય અને જેને સ્થગિત કરી શકાય સમય તે વહેતા પ્રવાહ જેવો છે. એને આપણે કેદ કરી શકતા નથી. પણ જીવનમાં જે પળ વિતી જાય છે. તે ભૂતકાળ બની ગઈ છે અને જે પળ આવી જ નથી તે ભવિષ્યકાળ બની જાય છે. ભવિષ્યની એ પળ જ વર્તમાન બનીને આવે છે. એટલામાં તો ભૂતકાળ બની જાય છે. આમ, સતત ચાલતો વર્તમાન તરત ભૂતકાળ બનતો જાય છે. એટલે વર્તમાનકાળ હંમેશા ભૂતકાળને વીંટણાયેલો જ હોય છે. વર્તમાનની પળોને આનંદથી માણવા માટે માણસને કોરોના કટાક વર્તમાન મળતો જ નથી ને એટલે જ વર્તમાનમાં માણસને ભૂતકાળની ગૂંચો હંમેશા સતાવ્યા કરે છે.



જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

આપણને સુખી દેખાતી વ્યક્તિની જિંદગીમાં એને જે પ્રાપ્ત કર્યું હોય એ પ્રાપ્તિ માત્ર એની એકલતાની હોઈ શકતી નથી. એમાં ઘણી બધી વ્યક્તિઓનો ફાળો હોય છે. તો વળી કેટલીક વસ્તુઓ મિત્રોને સંબંધીઓનાં કારણે મળી જાય છે. વળી કેટલુક દેશનાં કારણે સમાજનાં જાણીતાને અજાણ્યા અનેક લોકોનાં કારણે એની જિંદગી બની હોય છે. માત્ર એની પોતાની મહેનતને આવડતથી જ એને બધું પ્રાપ્ત થતું નથી. માણસ જો એકલો જ હોયને તો એ ગમે તેટલો શક્તિશાળી હોય પણ એને બધું મળી શકતું નથી અને એટલે જ માણસ પોતાનો ભૂતકાળને ભૂલી શકતો નથી ને ભૂતકાળને ભૂતકાળ રહેવા દઈ શકતો નથી. ભૂતકાળનાં પાયા ઉપર જ એની વર્તમાનની ઈમારત ઉભેલી હોય છે. અનેક લોકોની મદદ, ઉપકારોથી એ વર્તમાન જિંદગી સુધી પહોંચે છે. લોકોના ઉપકારોને મહેરબાનીનું દેવું તેના માથા ઉપર હોય છે. એટલે વર્તમાનને માણી લેવાની જે અનુકુળતા છે તે તેને મળતી નથી? જિંદગી એને દોડાવ્યા કરે છે જે ને તે દોડતો જ રહે છે. વર્તમાનનો આનંદ માણવા એનો વર્તમાન સુખદ હોય તો પણ ભૂતકાળથી વીંટણાયેલો હોવાથી વર્તમાન સ્વતંત્ર રીતે માણી શકતો નથી. ઘણીવાર લોકો આપણને શિખામણ આપે છે કે માણસે વર્તમાનમાં જીવવું જોઈએ અને ભવિષ્યની નિરર્થક ચિંતાઓથી છૂટી જવું જોઈએ. માણસની સાથે ચિંતા અને દેવું એ તો આધુનિક માણસની સાથે જોડાયેલા છે એ જરા ગફલતમાં રહે તો તે વધતા જ રહે છે. બાળકોનું શિક્ષણ, મોંઘવારી વધતી જાય, માણસ પોતાનું ઘર ખરીદી ના શકે, દવા અને માંદગીનાં ખર્ચા પણ નિકળતા નથી આમ અનેક ચિંતાઓ માણસને ઘેરી વળે છે. જિંદગી સરળતાથી સીધી લીટીમાં ચાલતી નથી. કોઈને કામધંધો મળતો જ નથી. તો કોઈને પગાર મળતો નથી. તો વળી ધંધામાં મંદીનો માર પડે છે. જેમ-જેમ માણસની ઉંમર વધતી જાય તેમ તેને ભૂતકાળ વળગતો જાય છે. આમ, વર્તમાનને સુખી બનાવી એની દરેક પળને આનંદથી માણવાની વાત સાચીને સારી લાગે છતાં બધા ભવિષ્ય



કે ભૂતકાળમાં જ જીવે છે. માણસે વર્તમાનમાં જીવવાનો પ્રયત્ન ના કરવો ને ખોટી ચિંતાનાં કારણે દુઃખી જ થયા કરવું એનો અર્થ એ છે કે માણસની ઈચ્છા પ્રમાણે કંઈ થતું નથી. ભૂતકાળને ભૂલી શકતો નથી અને ભવિષ્યની ચિંતાઓને છોડી શકતો નથી. એટલે જ ઇસુ એ કહ્યું છે કે બાળક જેવું જીવો બાળક હંમેશા વર્તમાનમાં જીવે છે. તેને ભૂતકાળ હોતો નથી અને ભવિષ્યની ચિંતાથી તે ઘેરાયેલો નથી. સામાન્ય માણસે ભૂતકાળ ભૂલવો હોય અને ભવિષ્યની ચિંતાથી મુક્ત થવું હોય તો બાળકની જેમ તે જયારે જાગે ત્યારે સતત પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે. એ રીતે વ્યસ્ત રહેતા શીખવું જોઈએ. ભવિષ્યનાં ખોટા સપનાઓ જોવાના બદલે માણસે વર્તમાનની પળને ફળદાયી બનાવી શકે છે.

# મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં ગીર સોમનાથમાં બેઠક યોજાઈ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** ગીર સોમનાથ,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાનાં પ્રવાસે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જિલ્લાના અધિકારીઓ પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

### વેરાવળ કોવિડ હોસ્પિટલમાં ૨૦૦ બેડની વ્યવસ્થા કરવાનું આયોજન

અધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ કોરોનાની સંભવિત ત્રીજી લહેર અંગે જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવેલું આયોજન અને રસીકરણની કામગીરીની વિગતો જાણી રાજ્ય સરકારની માર્ગદર્શિકા પ્રમાણે આયોજન પૂર્ણ થાય તે માટે માર્ગદર્શન આપ્યુ હતું .વેરાવળની કોવીડ હોસ્પિટલમાં ૧૦૦બેડ ની જગ્યાએ ૨૦૦ બેડની વ્યવસ્થા કરવા પણ આયોજન હાથ ધરવા ચર્ચા કરવામાં આવી હતી.(૧૪.૫)

# ઉપલેટાઃ માનવ સેવા એ જ પ્રભુસેવાના સુત્રને જીવન મંત્ર બનાવતુ વ્યાસ દંપતી

### સમગ્ર જીવસૃષ્ટિની કાયમી સેવા કરવા માટે નિઃસંતાન રહેવાનો દંપતીનો નિર્ણય



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** ઉપલેટા, તા.૨૮

શહેરમાં રહેતા ભૂદેવ દંપતી જીગ્નેશભાઈ વ્યાસ અને તેમના પત્ની જીજ્ઞાબેન વ્યાસ છેલ્લા ત્રીસ વર્ષથી ગરીબો, જરૂરિયાતમંદ લોકોની કાયમી મદદ કરતા આવ્યા છે. આ ભૂદેવ દંપતી ૩૬૫ દિવસ ભૂખ્યાને ભોજન કરાવવા નીકળી પડે છે. માનવ સેવા એ જ પ્રભુ સેવાના સુત્રને પોતાના જીવનમાં ઉતારી લેનાર આ દંપતી ગરીબ લોકો માટે પોતાનાથી થતી તમામ મદદ કરી હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે. ઉપલેટામાં રહેતા આ ભૂદેવ દંપતીમાં પત્ની સુધરાઈ સભ્ય છે તો પતિ ભૂતકાળમાં મામલતદાર કચેરીમાં નોકરી કરતા હતા પરંતુ માનવસેવા કરવા માટે તેમને નોકરી છોડી દીધી અને કાયમી દરેક લોકોની સેવા, પૂજા, મદદ કરવાનું અને માનવતાના તમામ કામ કરવાનું નક્કી કરી અને આ ભૂદેવ દંપતીએ લોકોની અને સાથે પશુઓની પણ સેવા શરૂ કરી અને પોતાનાથી થતી તમામ સેવા કરવાનું ચાલુ કરેલ છે.

આ દંપતી દ્વારા ભોજન, ગરીબ બાળકોને તહેવારો પર ભેટ, ઝુંપડપટ્ટી વિસ્તાના લોકોને ચોમાસામાં તાલ પત્રી, ગરીબ લોકોને ચપ્પલ, કપડા, બટુક ભોજન તેમજ આરોગ્યલક્ષી મદદ કરી અનેક પ્રકારની માનવસેવા કરે છે. આ દંપતીએ લોકોની અને સમગ્ર જીવ સૃષ્ટિની કાયમી સેવા કરવા માટે આજીવન નિઃસંતાન રહેવાનું અને ૩૬૫ દિવસ સેવા કરવાનું નક્કી કરેલ છે. આવી અવિરત માનવસેવાને જોઇને સૌ કોઈ જરૂરિયાતમંદ લોકોના ચહેરા પર અનેરું સ્મિત આવી જાય છે અને આ સ્મિત જોઇને કુદરત રાજી તેમ સમજીને આ ભૂદેવ દંપત્તિ પણ ખુશી અનુભવે છે. દંપતી આવી માનવતાવાદી કામગીરીને અને સેવાને સૌ કોઈ સો-સો સલામ કરી રહ્યા છે.(૧૩.૪)

# મોટામવામાં પ્રદેશ કિસાન મોરચા દ્વારા વેકિસનેશન કેમ્પ યોજાયો

### કેમ્પમાં ૪૦૦ લોકોને વેકિસન અપાઈ, આરોગ્ય અધિકારીઓ અને સમગ્ર ટીમનો આભાર વ્યકત કરતા વિજય કોરાટ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાં નવા ભળેલા મોટામવા ગામમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સુરેન્દ્રનગરના પ્રભારી નિતીનભાઈ ભારદ્વાજ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણીના માર્ગદર્શન હેઠળ પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટ દ્વારા વેકસીનેસન કેમ્પ શનિવારે સવારે ૯ થી ૧ સમય દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૦૦ લોકોને કોરોના વેકસીન મુકવામાં આવી હતી. પ્રદેશ કિસાન મોરચા આયોજીત વેકસીનેસન કેમ્પમાં ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, કોર્પોરેટરઓ વિનુભાઈ સોરઠીયા, લીલુબેન જાદવ, ફર્નાન્ડિઝભાઈ પાડલીયા, રણજીતભાઈ સાગઠિયા તેમજ વોર્ડ નં.૧૧ના પ્રમુખ-મહામંત્રીઓ અને મોટામવા ગામના આગેવાન મોહનભાઇ મેઘાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારી રાઠોડ, વોર્ડના ઓફિસર ફાલ્ગુનીબેન, મોટામવાના આરોગ્ય અધિકારી ડો.મહેતા અને સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.(૧૩.૫)

# મનપા આયોજીત વેકિસનેશન કેમ્પ સંપન્ન

### શેઠ ઉપાશ્રય સંઘ સમિતિ જૈન પ્રોગ્રેસીવ ગૃપની પ્રેરણાથી યોજાયેલ કેમ્પનો ૪૦૦ લાભાર્થીઓએ લાભ લીધો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગર પાલિકા આયોજીત શેઠ ઉપાશ્રય સંઘ સમિતિ - જૈન પ્રોગ્રેસીવ ગૃપના સહયોગ તથા પ્રેરણાથી કોરોના વેક્સિનેશન કેમ્પમાં ૪૦૦ લાભાર્થીઓએ વેક્સિનેશનનો લાભ લીધેલ હતો.

કોરોના વેક્સિનેશન કેમ્પનું ઉદઘાટન તથા દીપ પ્રાગટય મેયરપ્રદીપભાઈ ડવ, ડે.મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટે.કમિટિ ચેરમેન પુષ્કરભાઈ પટેલ, કોર્પોરેટર વોર્ડ ૮ ના અશ્વિનભાઈ પાંભર, બીપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડયા, પ્રીતિબેન દોશી, વોર્ડ નં.૮ પ્રભારી નિતીનભાઈ ભુત, પ્રતાપભાઈ વોરા, રઘુભાઈ ધોળકીયા, હર્ષભાઈ રાઠોડ, મહીલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા, ચંદ્રકાંતભાઈ શેઠ તથા જૈન પ્રોગ્રેસીવ ગૃપની ટીમ દ્વારા કરવામાં આવેલ હતુ તેમજ મેયર પ્રદીપભાઈ ડવએ દરેકને સુરક્ષીત રહેવા વેક્સિન અચૂક લ્યો તેવી અપીલ કરેલ હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે થઈ શેઠ ઉપાશ્રય સંઘ સમિતિ - રોયલપાર્ક મોટા સંઘ સમિતિના ચંદ્રકાંતભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ શૈલેષભાઈ માઉ, હિતેનભાઈ કામદાર, રૂષભભાઈ શેઠ, જગદીશભાઈ ગોસલીયા, હસુભાઈ શાહ, વિજયભાઈ પારેખ, વિજયભાઈ આશરા, પ્રકાશભાઈ આશરા, જગદીશભાઈ શેઠ, પ્રતિકભાઈ મોદી, પ્રતિકભાઈ શાહ, ચેતનભાઈ વખારીયા, દિનેશભાઈ, હેમલભાઈ મહેતા, ભાવિનભાઈ ઉદાણી, રમેશભાઈ શેઠ, તનસુખભાઈ સંઘવી, જતીનભાઈ કોઠારી, પ્રફુલભાઈ ઘાટલીયા, દીનેશભાઈ ટીંબડીયા, રાજેન્દ્રભાઈ મોદી, બીપીનભાઈ પારેખ, દિલીપભાઈ મહેતા વિગેરે એ ખૂબજ જહેમત ઉઠાવીને સેવાનું અનોખુ ઉદાહરણ પુરુ પાડેલ હતુ.(૧૩.૬)

# જુનાગઢઃ માલઢોરના ગોડાઉનમાં સિંહોના આંટાફેરા

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** જુનાગઢ, તા.૨૮

વાયરલ વીડિયો જૂનાગઢના કોઈ ગામડાનો હોવાનું બતાવવામાં આવી રહ્યું છે વાયરલ વીડિયોમાં ત્રણ સિંહો ગામડામાં માલઢોર માટે બનાવવામાં આવેલા ગોડાઉન તબેલામાં ઘુસ્યા હતા તબેલામાં આમ તેમ આંટા ફેરા કરતા દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા.

આ વીડિયોની વધુ કોઈ પુષ્ટિ કરવામાં આવતી નથી પણ વીડિયો જુનાગઢ કે ગીર સોમનાથના કોઈ ગામડાનો હોવાનું બતાવવામાં આવી રહ્યું છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં ખુબજ વાયરલ થઈ રહ્યો છે.(૧૪.૩)

# માસુમ બાળક વિવાનની મદદ માટે પોકાર

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** કોડીનાર, તા.૨૮



આલીદર ગામે વિવાનના માસુમ બાળકને સ્પાઇન મસ્ક્યુલર એટ્રોફી બીમારી હોવાથી ૧૬ કરોડ જેટલી રકમના ઇન્જેકશન બાળકને જરૂર હોવાથી રાજકોટ સામાજિક કાર્યકર ભૂરાભાઈ સોસા જયમીનભાઈ પરમાર અને તેમની ટીમે આર્થિક મદદ કરી હતી અને તમામ સમાજ લોકોએ આર્થિક રીતે બાળકને મદદ કરવાની અપીલ પણ કરી છે.(૧૪.૮)

## ઓનલાઇન સામાન્ય સભામાં ચેરમેન જયેશ રાદડિયાની મહત્વની જાહેરાત

# જિલ્લા બેંકનુ નવું નામ 'વિઠ્ઠલ રાદડિયા જિલ્લા બેંક ભવન' અપાયું



### બેંકનો ૨૦૨૦-૨૧ નો ચોખ્ખો નફો ૪૭ કરોડઃ 30 લાખ સુધીની બેંક ગેરંટી યોજના : મધ્યમ મુદતના ધિરાણોમાં વ્યાજ રાહત : જિલ્લા બેંકના સભાસદોને ૧૫% ડીવીડન્ડ; ઉચ્ચ અભ્યાસ માટે રાહતદરે લોન

### જીલ્લા બેંક ખાતે સરદાર પટેલ અને વિઠ્ઠલ રાદડિયાની પુરા કદની પ્રતીમાં મુકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૨૮ : જિલ્લા સહકારી બેંકની આજે સાધારણ સભા મળી હતી જેમાં સામાન્ય ચેરમેન જયેશ રાદડિયાએમ.ડી. ઘનશ્યામભાઇ ખાટરિયા, જનરલ મેનેજર વી. એમ. સખિયા, બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સભ્યો વગેરે ઉપસ્થિત રહેલ. કેટલાક આગેવાનો-સભ્યો જે તે તાલુકા મથકોએથી વિડીયો કોન્ફરન્સથી સામાન્ય સભામાં જોડાયા હતા. સામાન્ય ચેરમેન અને રાજયના નાગરિક પુરવઠા મંત્રી જયેશ વિઠ્ઠલભાઇ રાદડિયાએ ખેડૂતો અને સભાસદોને લાગુ પડતી મહત્વની જાહેરાતો કરેલ બેંક દ્વારા ખેડૂતોને ૨૦૨૦-૨૧ ના નાણાકીય વર્ષમાં રૂ. ૫૯૭ કરોડનુ ઝીરો ટકા વ્યાજનું કે.સી.સી. ધિરાણ કરાયેલ વર્ષોથી બેંકનું નેટ એન.પી.એ. ઝીરો અને વસુલાત ૯૯ ટકા ઉપર છે. આજે સભાસદોને શેર મુડી પર ૧૫ ટકા ડીવીડન્ડની જાહેરાત કરાયેલ છે. ગઇ ૩૧ ટકા ડીવીડન્ડની જાહેરાત કરાયેલ છે. ગઇ ૩૧ માર્ચની સ્થિતિએ ૬૬૫૯ કરોડ થાપણ અને ૪૧૮૧ કરોડ રૂપિયા ધિરાણ થયેલ છે. બેંકને નાબાર્ડ તરફથી ત્રણ વખત શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ મળેલ છે.

ચેરમેન જયેશ રાદડિયાએ જણાવેલ કે રાજકોટ જીલ્લા સહકારી બેંકે સહકારી ક્ષેત્રેમાં નવા જ આયામો હાંસલ કર્યા છે. આ બેંકે ખેડૂતોને કે.સી.સી. ધિરાણમાં કરોડો રૂપિયાની વ્યાજ માફી આપવા ઉપરાંત મ.મુ. ખેતી વિષયક લોનમાં ખેડૂતોને ૧ટકા વ્યાજ બાહત તથા મંડળીઓને કે.સી.સી. ધિરાણમાં ૧.૨૫ ટકા માર્જીન આપવા છતા રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકે રૂ. ૧૨૯ કરોડનો ગ્રોસ નફો અને રૂ. ૪૭.૦૦ કરોડનો ચોખ્ખો નફો કરેલ છે.

ગ્રામ્ય વિસ્તારના તમામ સ્તરના લોકો, ખેડૂતો અને શ્રમિકોનો આ બેંક ઉપર અદ્ભૂત વિશ્વાસ સંપાદિત કરી બેંકને વટવૃક્ષ બનાવવામાં અને દેશની ટોચની સહકારી સંસ્થાઓમાં બેંકનું સ્થાન પ્રથમ નંબરે અંકિત કરવામાં સિંહફાળો આપી ખેડૂતો માટે રાત-દિવસ અથાગ પરિશ્રમ કરનાર શ્રી વિઠ્ઠલભાઇ રાદડિયાની રાહબરીમાં આ બેંકે જે વિકાસ અને વિશ્વાસ સંપાદિત કરેલ છે. વર્ષના કોરોના મહામારીમાં લોકડાઉનમાં ખેડૂતોને આર્થિક વ્યવહારોમાં મુશ્કેલી પડે નહી તે માટે બેંકની ૧૯૯ શાખાઓ મારફત ઇન્ફોર્મેશન ટેકોલોજી સાથે તમામ સવલતો આપવા પણ બેંક કટીબધ્ધ છે. આજની સાધારણ સભામાં મહત્વની જાહેરાતો નીચે મુજબ છે. સભાસદોની શેર મુડી ઉપર ૧૫ ટકા ડિવિડન્ડ ચુકવવાશે, મેડીકલ સારવાર માટે રૂ. ૫ લાખ સુધીની રાહત વ્યાજના દરે લોનની નવી યોજના (વ્યાજ દર ૬ ટકા), રૂ. 30 લાખ સુધી બેંક ગેરન્ટી-યોજના જાહેર, ધોરણ ૧૦ થી ઉપરના ઉચ્ચ અભ્યાસ માટે રાહત વ્યાજના દરે રૂ. ૨૫ લાખની લોન યોજના (વ્યાજ દર ૯ટકા), ખેત જાળવણી લોનમાં રૂ. ૨ લાખનો વધારો કરી મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીની લોન યોજના, મંડળીઓને કે.સી.સી. ધિરાણ ઉપર વર્ષ-૨૦૨૧-૨૨ માટે ૧ ટકા ના બદલે ૧.૫૦ ટકા વ્યાજ માર્જીનની જાહેરાત કરેલ જેથી મંડળીઓને વધારાના રૂ. ૧૬.૫૦ કરોડ જેવી વ્યાજ આવક મળશે. મધ્યમ મુદત ખેતી વિષયક ધિરાણોની રેગ્યુલર વસુલાત ભરનાર ખેડૂતોને વર્ષ-૨૦૨૧-૨૨ માટે ૧ ટકા વ્યાજ રીબેની જાહેરાત, જેથી ખેડૂતોને રૂ. ૮ કરોડનો ફાયદો થશે. સભાસદ મંડળીઓને બેંકના વધારાના શેર આપી બેંકના શેર ભંડોળમાં રૂ. ૩૬ કરોડનો વધારો, કુલ શેર ભંડોળ રૂ. ૧૦૨ કરોડ થયું, લાંબા સમય સુધી ડિવિડન્ડનો લાભ મંડળીઓને મળશે.

---

## પારેવડી ચોક પાસેથી રીક્ષામાં કિન્નરનું અપહરણ કરી અન્ય કિન્નરોએ ધોકાવ્યો

**કિન્નરોએ બળજબરીથી સામેલ થવા ધમકી આપી ટોળાએ તોડફોડ કર્યાનો આક્ષેપ**



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

પારેવડી ચોક પાસે આવેલા મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા ટ્રાન્સઝેન્ડરનું રીક્ષામાં અપહરણ કરી કિન્નરોનાં ટોળાએ બેફામ મારમારી ધમકી આપતા ટ્રાન્સઝેન્ડરનાં માતા-પિતા દ્વારા પોલીસ કમિશનર કચેરી રજૂઆત કરવામાં આવી છે. આ અંગેની વિગત મુજબ મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં.૧ માં પારેવડી ચોક પાસે રહેતો ચિરાગ જયંતિભાઈ મકવાણા, તેના પિતા જયંતિભાઈ મેસુરભાઈ મકવાણા, તેની માતા રંજનબેન મકવાણા સહિતનાં પરિવારજનોએ આજે શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે આવી લેખિતમાં અરજી કરી રજૂઆત કરી હતી કે ગઈ તા. ૨૬/૬ નાં સવારનાં સમયે તેના પુત્ર ચિરાગ મકવાણા (ટ્રાન્સઝેન્ડર) ઘરે હતો ત્યારે એકટીવા નંબર જીજે-૩ જે.બી.૪૩૮૫ માં મોહિની ઉર્ફે મીત નામનો કિન્નર તેના ઘરે આવ્યો હતો અને પારેવડી ચોક પાસે આવેલા ઓવરબ્રિજ પાસે લઇ ગયો હતો. તેનું અગત્યનું કામ છે તેમ કહીં મોરબી રોડ પર જુના જકાત નાકા પાસે લઇ ગયો હતો. ત્યાં અગાઉથી જ રીક્ષામાં બેઠેલા કિન્નર મીરાદે કંચનદે (ફટકડી), ભાવિકાદે મીરાદે (સેન્ડી), ગોપીદે મીરાદે, કપીલ ફટકડીનો પતિ સહિતનાં અજાણ્યા ૧૫ થી ૧૭ કિન્નરો રીક્ષામાં બેઠા હોય ત્યારે ચિરાગનું અપહરણ કરી મોરબી રોડ પર આવેલી એક સોસાયટીમાં લઇ જઈ તેને બેફામ મારમારી બળજબરીથી કિન્નરોની જમાત (ટોળકી)માં સામેલ થવા અને નકલી કિન્નર બનીને લોકો પાસેથી રૂપિયા ઉઘરાવવા દબાણ કર્યું હતું. બાદમાં યુવાનને સારવારમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં બીજા દિવસે કિન્નરોનું ટોળુ યુવાનનાં ઘરે જઈ તોડફોડ કરી ધમકી આપતા પરિવાર સાથે પોલીસ કમિશનર કચેરીએ ફરિયાદ કરવા રહુઆત કરવામાં આવી છે.

---

## અંકલેશ્વર નગરપાલિકા દ્વારા વોર્ડ નં.૨ ખાતે વૃક્ષારોપણ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર , તા.૨૮

તા.૨૬/૬ ના રોજ અંકલેશ્વર નગરપાલિકાઅબ વોર્ડ નંબર-૨ ની નિરાંત નગર સોસાયટી મંદિરની બાજુના કોમન પ્લોટમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ વિનયભાઈ વસાવા, ઉપપ્રમુખ કલ્પનાબેન મેરાઇ, ન.પા. સભ્ય ભાવેશભાઈ કાયસ્થ, વિરલબેન મકવાણા, શિલ્પાબેન સુરતી, મનીષાબેન પટેલ તેમજ સંગઠનના શહેર પ્રમુખ નરેન્દ્રભાઇ પટેલ, જીગ્નેશભાઈ અંદાડી, સિદ્ધુભાઈ, પિયુષભાઈ મકવાણા તેમજ નિરાંત નગર સોસાયટીના સિનિયર સિટીઝનો, યુવાનો હાજર હતા. અને આ સમગ્ર કાર્યક્રમની તૈયારી ન.પા.ના સેનેટરી ઇન્સ્પેકટર અને ગાર્ડન ઇન્ચાર્જ રઘુવીરસિંહ મહિડા દ્વારા કરવામાં આવેલ હતું. (૧૪.૪)

---

### સર્વ સમાજ-ગુજરાત દ્વારા રાજકોટ કલેકટરને આવેદન

## આલીદરનાં બાળકને દુર્લભ બીમારી, સરકાર મદદ કરે

### બાળકના પિતા મજુરી કામ કરી ગુજરાન ચલાવી રહ્યા છે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગીર સોમનાથ જીલ્લાનાં કોડીનાર તાલુકાનાં આલીદર ગામનાં વિવાન નામના બાળકને દુર્લભ બિમારી છે જેની સહાય સરકારની કોઈ ચોક્કસ યોજના હેઠળ ભોગવવામાં આવે અને હવે પછી કોઈ બાળક આવી દુર્લભ બિમારીથી પીડાય તો તેના માટે સરકાર કોઈ ચોક્કસ આયોજન કરે તેવી અપીલ સાથે સર્વ સમાજ-ગુજરાત દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવી જણાવેલ કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામના રહેવાસી અશોકભાઈ વાઢેરના અઢી મહિનાના સુપુત્ર વિવાન સ્પાઇનલ મક્યુલર એટ્રોફી (SMA) નામની દુર્લભ બીમારીથી પીડાય છે. જેનો ખર્ચ આશરે સોળ કરોડ જેવો થાય છે. જે ખર્ચ કોઈપણ સામાન્ય માણસ ઉપાડી શકે તેમ નથી. આ બાળકના પિતા કચ્છની એક ખાનગી કંપનીમાં મજુરી કામ કરી ગુજરાન ચલાવે છે. જેથી આ પરિસ્થિતિમાં આ ખર્ચ ઉપાડવો અસંભવ છે.

આ પહેલા પણ ઉત્તર ગુજરાતમાં ધૈર્યરાજસિંહ નામના બાળક સાથે આવો બન્યો હતો. આ બાળકને પણ આ જ દુર્લભ બીમારી હતી જેનો ખર્ચ ગુજરાત અને ભારતની સમગ્ર જનતાએ મળીને એકત્રિત કર્યો હતો અને તે બાળક આ બીમારીથી સંપૂર્ણ પણે સ્વસ્થ થયો હતો. અમો ઈચ્છીએ છીએ કે વિવાન નામના બાળકને પણ આજ રીતે જનતા ના સહયોગ સાથે સાથે સરકારની કોઈ ચોક્કસ યોજનાના સહયોગથી સહાય કરવા સહમત બને.

સરકાર પાસે તેઓની માંગ છે કે, આ બાળકને તો કોઈ ચોક્કસ યોજના હેઠળ સહાય માટે મદદરૂપ બને જ પરંતુ ભવિષ્યમાં કોઈ બાળક આવી દુર્લભ બીમારીથી પીડાય તો તેની સારવાર માટેના આવા મોટા ખર્ચ સામે કોઈ ચોક્કસ સહાય મળી રહે. તેવી સમગ્ર જનતાની અપીલ છે. આ માંગને સરકાર સુધી પહોંચાડવાની અને બાળકની સારવાર માટે સહાય કરવાની આશા તેઓએ વ્યક્ત કરી હતી.

---

## ભરૂચઃ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકનું વિતરણ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ, તા.૨૮

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર યુવા ઉત્થાન સંસ્થા દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણનો કાર્યક્રમ ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે સરકારની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ સાથે યોજવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા સતત ૨૮ વર્ષ સુધી શહેરના ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવે છે. હાજર રહેલા મહાનુભવોએ આ કાર્યને બિરદાવ્યું હતું. (૧૩.૨)

---

## નવા ગામમાં જુના ઝઘડાનો ખાર રાખી મુસ્લિમ યુવક પર હુમલો

### અગાઉ ભાઈની હત્યાની થયાનો ખાર રાખી દેવીપૂજક શખ્સે છરી ઝીંકી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

નવાગામ મામાવાડીમાં જુના ઝઘડાનો ખાર રાખી મુસ્લિમ યુવકને તેના પડોશમાં રહેતા દેવીપૂજક શખ્સે છરી વડે હુમલો કરી ઢીકાપાટાનો મારમાર્યા અંગેની ફરિયાદ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. મારામારીનાં બનાવ અંગે નવાગામ મામાવાડીમાં રહેતા મજુરીકામ કરતા નિઝામ વાહીદભાઈ શેખ (ઉ.વ.૨૫) એ કુવાડવા પોલીસ સ્ટેશનમાં તના પડોશમાં રહેતા સંજય પોલા કાજીયા સામે જુના ઝઘડાનો ખાર રાખી છરી વડે હુમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ જે.કે.પદાવદાએ આઈ.પી.એસ. ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધ્યો છે.

---

## પડાસણે ગામે ઉછીના આપેલા નાણા પરત માંગતા યુવાનને શખ્સે ધોકાવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૨૮

સરધાર નજીક આવેલા પદાસણ ગામે અગાઉ ઉછીના આપેલા નાણા પરત માંગતા ગરાસીયા યુવાનને સાથે બાવાજી શખ્સે ઝગડો કરી માર મારી ઈજા કરતા પોલીસ માં ફરિયાદ નોંધાય છે.આ અંગેની વિગત મુજબ પાડાસણ ગામે સ્વામિનારાયણ મંદિર વાળી શેરીમાં રહેતા દિવ્ય રાજશિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૨૯) નામના ગરાસીયા યુવાનને આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે. ગામમાં રહેતા લલિત ઉર્ફ મુના ગોસ્વામી નામના શખ્સને આગત તેના પિતા એ ઉછીના રૂપિયા આપ્યા હોય તેના પિતાને અવસાન થયા બાદ યુવાનને આ નાણા પરત માંગતા બાવાજી શખ્સ લલિત ઉર્ફ મુના એ ઝઘડો કરી લોખંડના પાઈપ વડે મારામારી ઇજા કરી નાસી જતા યુવાનને આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ કે.ળ ગામેની એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

---

## આજે ઉમેશ ગોસરનો જન્મદિવસ



(C.A.)

(ઉમેશ ગોસર-મુંબઈ)

ઉમેશ ગોસરએ મુંબઈમાં પ્રખ્યાત CA તરીકેની નામના મેળવી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં તેઓ પોતાના વિચારો રૂપી લેખ આપે છે. આજે તેમના અદ્દભુત જીવન અને પત્રકારત્વ ધોરણે પોતાના વિચારો લોકો સુધી પહોંચાડી અસાધારણ યોગદાન આપે છે. તેઓ તેમના જીવનમાં સંઘર્ષ કરી CA ની પદવી મેળવેલ છે. તેમની મહેનત, સંઘર્ષથી લોકો પ્રેરિત થયા છે. તેમના લેખથી લોકોને અર્થતંત્રની માહિતી આપે છે. તેમના આ શુભદિવસે તેમના મિત્રો, વડીલો અને 'સૌરાષ્ટ્ર ક્રાંતિ' તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ....

---

## બામણબોર ગામ પાસે ૪૦૦ ગ્રામ કોકેઇન સાથે હોટલ માલિક ઝડપાયો



### એરપોર્ટ પોલીસે કાર સહિત રૂ. ૩.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કરી પંજાબી શખ્સની કરી ધરપકડઃ માલીયાસણ ચોકડી પાસે દારૂનાં ૧૦૨ ચપલા સાથે અમદાવાદનાં શખ્સની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર આવેલા બામણબોર ગામ પાસે આવેલી પંજાબ હરિયાણા હોટલ ઢાબાનાં માલિકને પોલીસે ૪૦૦ ગ્રામ કોકેઇન સાથે દબોચી લઇ રૂ. ૩.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની વિગત મુજબ એરપોર્ટ પોલીસ મંથકનાં પી.આઈ જી.એમ.હડિયાની સુચનાથી પી.એસ.આઈ આર.એન. સાકળીયા, એ.એસ.આઈ જીતુભાઈ બાળા, યોગેન્દ્રભાઈ ચૌહાણ સહિતનો સ્ટાફ હાઈ-વે પર વાહન ચેકિંગ ફરજ પર હતા ત્યારે બામણબોર પાસે આવેલી હોટલ પંજાબ હરિયાણા ઢાબાનો માલિક પોતાની બલેનો કાર નંબર પી.બી.૪૬ બી.એ. ૨૮૦૦ લઇ નીકળતા પોલીસે તેને અટકાવી તપાસી લેતા તેના કબ્જામાંથી રૂ. ૩૨૮૦૦ ની કિંમતનું ૪.૧ ગ્રામ કોકેઇન મળી આવતા પોલીસે રૂ. ૩૯૮૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી હોટલ માલિક ગુરલાલસિંઘઈ કુલવંતસિંઘ ધિલોન નામના પંજાબી શખ્સની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં એસ.ઓ.જી ની ટીમનાં પી.એસ.આઈ એમ.એન.અંસારી સહિતનાં સ્ટાફે ચોક્કસ બાતમી મળતા રાજકોટની ભાગોળે આવેલા માલીયાસણ ગામ પાસે ૧૦૨ બોટલ વિદેશીદારૂનાં ચપલા સાથે દિલીપ હિરા પુરોહિત (રહે. વિનાયક સોસાયટી સોલા હાઇકોર્ટ પાસે અમદાવાદ) નામના શખ્સની ધરપકડ કરી રૂ. ૧૦૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

---

## સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુકિતધામમાં ઇલેક્ટ્રિક, ગેસ આધારિત ભઠ્ઠી શરૂ

### લાકડા વિભાગનાં ચાર ખાટલા પણ રીપેરીંગ થઈને ચાલુ

### શબવાહિની સવારનાં ૮ થી રાત્રીનાં ૮ સુધી ઉપલબ્ધ રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુક્તિધામની અંદર ઇલેક્ટ્રિક આધારિત ભઠ્ઠી -૧ અને ગેસ આધારિત ભઠ્ઠી - ૧ તેમજ લાકડા વિભાગના તમામ ચાર ખાલા રીપેરીંગ થઈને ચાલુ થઈ ગયેલ છે. આ મુક્તિધામ સતત ૨૪ કલાક ચાલુ રહે છે અને શબવાહિનીની જેને જરૂર હોઈ તેને મુકતીધામનાં ફોન નંબર. ૦૨૮૧-૨૨૨૧૯૫૦ અને ૨૨૩૭૯૦૦ ઉપર ગાડી માટે ફોન કરી શકશે. શબવાહિની સવારના ૮ થી રાત્રીના ૮ સુધી અવેલેબલ હશે. રાજકોટની જનતાને લગતા વળગતા પરિવારના લોકોને નોંધ લેવા સરગમ કલબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાની યાદીમાં જણાવેલ છે.

---

## શહેરમાં ત્રણ સ્થળોએ જુગારનાં દરોડાઃ ચાર મહિલા સહિત ૧૯ ની ધરપકડ



### પોલીસે ઓમ તિરુમાળા સોસાયટી, નળોદાનગર અને આંબેડકર નગરમાં દરોડા પાડી રૂ. ૮૦ હજારની રોકડ કબ્જે કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેર પોલીસે ગઈકાલે ઓમ તિરુમાળા સોસાયટી, નાળોદનગર અને આંબેડકરમાં તીનપતીનો જુગાર રમતી ચાર મહિલા સહિત ૧૯ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૮૦ હજાર કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ આજીડેમ પોલીસને મળેલ ચોક્કસ બાતમીનાં આધારે પી.એસ.આઈ એમ.એમ.ઝાલા સહિતનાં ઓમ તિરુમાળા સોસાયટીમાં રહેતા અરવિંદ ઉર્ફે સીતારામ શંભુભાઈ લખતરીયા નામના શખ્સનાં રહેણાંક મકાનમાં દરોડો પડતા ઉપરોક્ત શખ્સ બહારથી માણસો બોલાવી જુગારનાં સાધનો પુરા પાડી તીનપતીનો જુગાર રમાડતો હતો. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા અરવિંદ ઉર્ફે સીતારામ, અરવિંદ માવજી સિધ્ધપુરા, વિજયસિંહ અમરસિંહ ડાભી, ધવલ બળવંત હળવદીયા, ભરત ગોખર પોકીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ. ૪૩૨૧૦ કબજે કર્યા હતા.

જયારે અન્ય એઈક બનાવમાં આંબેડકરનગરમાં ધારા ગેસ એજન્સી વાળી શેરીમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા કેતન નિતીન સાગઠીયા, પરેશ જીવણ સોલંકી, દિલીપ મનુ ચૌહાણ, વાલજી ભલા ગોહેલ, મદન ગુમેશ્વર પ્રસાદ, મયૂર કાંતી પરમાર, હસુ ચના પરમાર, પીયુષ રમેશ રાઠોડ, કેતન રમેશ મકવાણા સહિત નવ શખ્સોની માલવિયાનગર પોલીસે ધરપકડ કરી રોકડા રૂ. ૨૫૨૦૦ કબ્જે કર્યા છે. જયારે વધુ એક દરોડામાં ડીસીબી પોલીસે નાળોદનગરમાં જુગારનાં દરોડા પડતા જુગાર રમતી મીના સામત દયાતર, નયના રજનીકાંત કારીયા, ગીતા બલુ મક્કા, હંસા ડાયા કાવેર તથા હરસુખ ભૂરા જળુ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી પોલીસે રોકડા રૂ. ૧૧૭૫૦ કબજે કર્યા છે.

---

## સુત્રાપાડા ફોરેસ્ટ ફરાર આરોપીને પકડવા ગયેલા ફોરેસ્ટના સતા પર હુમલો

### બે મહિલા સહિત ૧૦ શખ્સોના તોલાએ હુમલો કરી ફરજમાં રૂકવર કર્યાની ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળ સુત્રાપાડા ઇન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર કિરણભાઈ કાંતિલાલ જોશી વન સંરક્ષક સહાયક રાહુલભાઈ ડોડીયા, ભરતભાઈ નિમ્બાર્ક,ટ્રેકટર હીરાભાઈ ડોડીયા સહિત સ્ટાફ સુત્રાપાડા રાઉન્ડ ગુનામાં ફરાર આરોપી આમદ સુલેમાનભાઇ ભેસલીયા (રહે.પ્રશ્નાવડા બારા વાળા) વિરૂધ્ધ ગુનાના કામે ધોરણસરની કાર્યવાહી અર્થે તેના રહેણાંક મકાને જતાં આરોપી આમદ તથા તેના પિતા સુલેમાન તથા આમદના ભાઇ ઇકબાલ, તથા આમદના સાળા ફીરોજ અને સદામ તથા આમદનો ભાઇ ઉમર સુલેમાન તથા હાજર મહિલા આમદની પત્નિ શેરબાનુ તથા આ મદની માતા હાજરાબેન તથા આમદની કાકી મીમીબેન તથા ત્રણેક અજાણ્યા માણસોએ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, ગે.કા,મંડળી રચી, લાકડાના ધોકા, લોખંડના પાઇપ અને છુટા પથ્થર જેવા હથીયારો ધારણ કરી, ફોરેસ્ટ તથા સ્ટાફને હથિયારોથી તથા છુટા પથ્થરોથી આડેઘડ માર મારી, શરીરે મુંઢ ઇજાઓ પહોચાડી, ભુંડીગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ કરતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Dt.28-06-2021 8 સોમવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

## રાજકોટમાં ઓક્સિજનના પ્લાન્ટ ગુરૂવારથી શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવી રહયું છે.

ત્રીજી લહેર આવે તો ઓક્સિજનની કોઇ કમી ન સર્જાય તે માટે ઓક્સિજનની પુરેપુરી તૈયારી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ઓક્સિજના ૭ પ્લાન્ટ આગામી તા.૧ જુલાઇના રોજ શરૂ થઇ જશે. રાજકોટ સિવિલમાં ૫૦૦ લીટરના બે ઓક્સિજન પ્લાન્ટ ગુરૂવારથી શરૂ થઇ જશે તેમજ ગોંડલ, ધોરાજી, જસદણ, ઉપલેટા, જેતપુરમાં ૨૫૦ લીટરના એક-એક પ્લાન્ટ શરૂ થઇ જશે.

## સુરત ખાતે મનીષ સિસોદીયા સાથે બંધ બારણે બેઠક

# યુવા આંદોલનકારી 'આપ'માં જોડાશે?



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

દિલ્હીના ના.મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ ગુજરાતના સફળ આંદોલનકારી પ્રવિણ રામ સાથે બંધ બારણે બેઠક યોજી હતી. પ્રવિણ રામ આવનારા સમયમાં 'આપ'માં જોડય તેવી શકયતાએ વેગ પકડયો છે. દિલ્હી 'આપ'ના ટોચના નેતાઓ ગુજરાતની મુલાકાત વધારી રહયા છે. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇને 'આપ' દ્વારા ચૂંટણીની તૈયારીનો ધમધમાટ શરૂ થઇ ગયો છે. 'આપ'માં જાણીતા ચહેરાના પ્રવેશથી અન્ય રાજકીય પક્ષોમાં હલચલ મચી જવા પામી છે. અન્ય રાજકીય પક્ષોના નેતાઓ 'આપ'માં જોડાશે તેવી લોકોમાં ચર્ચાઓ થઇ રહી છે.

યુવા આંદોલનકારી પ્રવિણ રામ 'આપ'માં જોડાશે કે કેમ? તેવી ચર્ચાઓ જોરશોરથી શરૂ થઇ ગઇ છે.(૧.૩)

### આગામી વિધાનસભાની ટીકીટ ફાળવણીનાં માપદંડોની અટકળો શરૂ

# સ્થાનિક સ્વરાજયની ફોર્મ્યુલા અમલી રહેશે તો અનેક મહારથી કપાશે

## 'આપ'માં મોટા માથાઓ જોડાતા રાજકીય પક્ષોમાં દોડાદોડી

## રાજયની બે મોટી જ્ઞાતિઓનો મુખ્યમંત્રી પદ માટે દાવેદારીથી નવી ચર્ચા છેડાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજ્ય વિધાનસભાની ચૂંટણીને હજુ એકાદ વર્ષની વાર છે. પરંતુ તમામ રાજકીય પક્ષોએ પોતાની સોગઠાબાજી શરુ કરી દીધી છે. તેવા સમયે પાટીદારોએ પોતાના મુખ્યમંત્રીનો સૂર ફૂંક્યો છે. તો સાથે પક્ષે રાજ્યમાં સૌથી મોટી વસ્તી ધરાવતા કોળી સમાજે પણ પોતાની જ્ઞાતિનાં મુખ્યમંત્રીને સ્થાન આપવા અવાજ બુલંદ કર્યો છે. આવી વિપરીત પરિસ્થિતિમાં સતાધારી પક્ષ ભાજપ પોતાના ધારાસભ્યોની ટીકીટ ફાળવણી કેવા કડક ધારા-ધોરણો ઘડશે તે અંગે અત્યારથી પક્ષનાં અગ્રીમ હરોળનાં કાર્યકરોમાં ચર્ચાઓ શરુ થઇ ગઈ છે. ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ફાળવણી માટે સખ્ત વલણ અપનાવ્યું હતું. જો આવું જ વલણ ધારાસભાની ચૂંટણી અખત્યાર કરવામાં આવે તો કેટલાય જૂના જોગીનાં સ્વપનાઓ પર ઠંડુ પાણી ફરી વળવાની શક્યતા છે.

ગત સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં બે ટર્મથી વધુ વખત ઉમેદવારી કરનાર ફરી ટીકીટ નહીં અપાઈ એવું ધોરણનક્કી થયું હતું. તદ્ઉપરાંત જેની ઉંમર પંચાવનણ વર્ષથી વધુ હોય તેવા ઉમેદવારને પણ ચૂંટણી મેદાનમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. ફળસ્વરૂપ વર્ષોથી સંઘ અને ભાજપ માટે જાત ઘસી નાખનારમાં નારાજગી જોવા મળી હતી.

સગાવાદ અને પરિવારવાદ ઉપર અંકુશ લગાવવા સી.આર.પાટીલે પરિવારનાં કોઈ પણ એક જ સભ્યને ટીકીટ આપવાનું નક્કી કર્યું હતું. જેથી ભાઈ-ભત્રીજાવાદ ઉપર ઘણે અંશે અંકુશ મુકાયો હતો.

આગામી વિધાન સભામાં સતાધારી પક્ષને ચૂંટણી જીતવા માટે અનેક વિપરીત પરિબળોને પડકારોનો સામનો કરવાનો રહેશે. મોંઘવારી, લોકડાઉન, બેરોજગારી સહિતનાં મુદ્દાઓ પર સામાન્ય જનતા સાશક પક્ષ પાસે જવાબ માંગી રહી છે. ત્યારે રાજ્યની બે મોટી જ્ઞાતિ પાટીદાર અને કોળી સમજે જ્ઞાતિવાદનાં નગારા વગાડવાના શરુ કર્યા છે. આવા સંજોગોમાં પક્ષ માટે ટીકીટ ફાળવણીમાં વધુ કડક ધારા-ધોરણ નક્કી કરવા કે પછી સામાજિક તાકાતો સામે નમી જવું એ કપરું કામ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝળહળતી સફળતાનાં પગલે વય મર્યાદામાં લીમીટ, પરિવારવાદ ઉપર અંકુશ તેમજ નો રીપીટ થીયરી જો અમલમાં મુકવામાં આવે તો વિધાનસભામાં આ સૂત્ર કેટલું ઉપયોગી થશે એ અંગે રાજકીય વિષ્લેષકોમાં ભારે ચર્ચા છેડાઈ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટીકીટ ફળવણી સ્થાનિક મુદ્દા-સ્થાનિક બાબતોને અનુલક્ષીને અપાતી હોય છે. રાજ્ય વિધાન સભા ચૂંટણી જીતવા માટે ઘણા પરિબળો ભાગ ભજવતા હોય છે. જેમાં જ્ઞાતિ મની અને મસલ્સ પાવર ખાસ ધ્યાને લેવાતા હોય છે. વિધાનસભા ઉમેદવારીમાં જો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની ફોર્મ્યુલા ચલાવવામાં આવે તો કદાચ ધારી સફળતા નહીં મળે એવું એક રાજનૈતિક બાબતનાં નિષ્ણાંત પોતાના મંતવ્યમાં જણાવ્યું હતું.

આગામી દિવસો ગુજરાતમાં એક નવું રાજકીય પરિબળ ભારે જોશ સાથે ઉભરી રહ્યો છે. કોંગ્રેસ ભાજપ સિવાય આમ આદમી પાર્ટીએ હવે પોતાનો જન આધાર ગુજરાતમાં ઉભો કરવાની શરૂઆત કરી દીધી છે. ગુજરાતનાં બૌધ્ધિક, ઉપચારક, ઉદ્યોગપતિ સહિત જાગૃત વર્ગ મોટા પ્રમાણમાં 'આપ' પાર્ટી તરફ આકર્ષાય રહ્યો છે. સી.આર.પાટીલ સમક્ષ આ બધા પરિબળો વચ્ચે વિધાનસભામાં બહુમતી સીટો કાઢવીએ આસાન વાત નહીં હોય તેવું જાણકારોનું મંતવ્ય છે.

### દાવેદારોના ચર્ચાતા નામ

વિધાનસભા-૬૮માં અરવિંદ રૈયાણી, ધનસુખ ભંડેરી, પરેશ ગજેરા, માધાતાસિંહ જાડેજા, દલસુખ જાગાણી, જીતુ મહેતા, ઉદય કાનગડ, કશ્યપ શુકલ વગેરે. વિધાનસભા-૬૯માં વિજય રૂપાણી, અંજલીબેન રૂપાણી, નીતિન ભારદ્વાજ વગેરે. વિધાનસભા-૭૦માં ગોવિંદ પટેલ, ધનસુખ ભંડેરી, રમેશભાઇ ટીલાળા, નરેન્દ્રભાઇ સોલંકી વગેરે. વિધાનસભા-૭૧માં લાખાભાઇ સાગઠીયા, ભાનુબેન બાબરીયા, શામજીભાઇ ચાવડા, રાજુભાઇ અઘેરા, ડી.બી.ખીમસુરીયા વગેરેના નામો ચર્ચાઇ રહયા છે.

## રાજકોટમાં વેક્સિનનો સ્ટોક ખાલી, રસીકરણ કેન્દ્રોમાં અફડાતફડી : વિપક્ષી નેતા

### મનપાની વેબસાઇટ પર વેક્સિનનો સ્ટોક દર્શાવવો જોઇએ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

મહાનગરપાલિકાના વિપક્ષી નેતા ભાનુબેન સોરાણીએ મ્યુ.કમિશનરને લેખીતમાં રજૂઆત કરતા જણાવ્યું છે કે, મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અલગ અલગ જગ્યાએ કોવીડ-૧૯ વેકસીનેશન કેન્દ્રમાં રસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે જેમાં વેકસીન લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાયા બાદ જ સમય અને એપોઇન્ટમેન્ટ આપવામાં આવે છે ત્યારે રસીકરણ

(અનુ.પાના નં.૪ ઉપર)

# કલેકટર કચેરી ખાતે જન સેવા કેન્દ્રમાં લાંબી લાઇનો




### સિક્યુરીટીની કોઇ વ્યવસ્થા ન હોવાથી લોકો પરેશાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં લોકોને પોતાના આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, સરકારની જુદી-જુદી સહાય, જાતિ, આવકનાં દાખલા માટે જુદી-જુદી સરકારી કચેરીઓમાં જવાની જરૂર રહેતી નથી અને કલેકટર દ્વારા અલગ અલગ જગ્યાએ જન સુવિધા કેન્દ્ર ખોલાયા છે. લોકોને પોતાનું કામ એક જ જગ્યાથી થઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા લોકોપયોગી કાર્યો સરળતાથી અને ઝડપથી થઈ શકે તે માટે લેવામાં આવી રહેલ ઉપાયાત્મક પગલાં અંતર્ગત દરેક જિલ્લા કક્ષાએ આધુનિક જન સેવા કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યા છે. આ જનસેવા કેન્દ્રમાં નિયત સેવા સંલગ્ન સોગંદનામા નોંધવાની સાથે રેશનકાર્ડ સંબંધી કામગીરી, ગામ નમુના નંબર નં. ૭-૧૨, ૮-અના ઉતારા કાઢી આપવા, ડુપ્લીકેટ સ્માર્ટ ચૂંટણી કાર્ડ, ઇ-સ્ટેમ્પીંગ, નવા આધારકાર્ડ તથા આધારકાર્ડ અપડેશન કરાવવા સહિતની સેવાઓ પુરી પાડવામાં આવે છે. પણ આજે પશ્ચીમ મામલતદાર કચેરી ખાતે સર્વર ઠપ્પ થતા અનેક લોકોના કામો અટકી ગયા હતા. તેથી તે લોકોને કલેકટર કચેરી ખાતેના કેન્દ્રમાં મોકલવામાં આવતા લાંબી લાઇનો લાગી ગઇ હતી. અરજદારોની લાંબી લાઇનો લાગતા ટોકન આપવામાં આવ્યા હતા અને સિક્યુરીટીની કોઇ વ્યવસ્થા ન હોવાથી લોકો પરેશાન બન્યા હતા. પરીમલ પંડ્યાએ આ બાબતે જણાવ્યું હતું કે તાત્કાલીક ધોરણે કામ પૂરૂ કરાતુ જશે. અને જો વધુ લોકોની લાઇનો થશે તો મંડપ બાંધવાની પણ ખાતરી આપી હતી.

# મવડીની શિવ શકિત ડેરીમાં ચાર લોકોનો સામુહિક આપઘાતનો પ્રયાસ
















### ગૌતમ પાર્કમાં મકાન ખાલી કરાવવા મુદ્દે બિલ્ડર સહિત ચાર લોકો ત્રાસ આપતા હોવાનો આક્ષેપ, મહિલા સહિત ચારે ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો; તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટના મવડી ચોક પાસે આવેલી શિવ શક્તિ ડેરીમાં બપોરના સમયે ત્રણ મહિલા સહિત ચાર લોકોએ ગૌતમ પાર્કના જમીન પ્રશ્ને ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતા દોડધામ મચી જવા પામી હતી. ગણતરીની કલાકોમાં લોકોના ટોળા એકઠા થઇ જતાં ૧૦૮ મારફતે તમામ લોકોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.બનાવના પગલે તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઇ . વી.જે.ધોળા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ મવડી ચોકડી પાસે આવેલી શિવ શક્તિ

(અનુ.પાના નં.૪ ઉપર)

# વેક્સિન ન લેનારની ધરપકડ કે ધંધા-રોજગાર બંધ કરાવાશે તો સાંખી નહીં લેવાય : કોંગ્રેસ

### વેપારીઓ સામે પગલા લેવાશે તો આંદોલન કરવાની ફરજ પડશે : ઝાલા, આસવાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ કલેકટર અને પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામાંમાં જણાવ્યું છે કે, આગામી તા.30 જુન સુધીમાં રસી નહીં લેનારાના લારી-ગલ્લા, દુકાનો, શો-રૂમ, હોટલ બંધ કરી પોલીસ ધરપકડ કરશે તેવું જણાવાતા વેપારીઓ આલમમાં વ્યાપક રોષની લાગણી વ્યાપી ગઇ છે. આ બાબતે ખુલ્લો વિરોધ હોવાનો પૂર્વ કોર્પોરેટર દિલીપ આસવાણી, પૂર્વ પ્રવકતા શહેર કોંગ્રેસ સમિતિના ગજુભા ઝાલા, રાધા કિશન ગોધુમલ આહુજા અને મયુરભાઇ શાહની સંયુકત યાદીમાં જણાવ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે, કાયદાની વિરુધ્ધમાં જઇ પોલીસ સરકાર વેપારીઓ જાણે ચોર હોય તેમ વેક્સિન ન લેનારની ધરપકડો કરી ધંધા રોજગાર બંધ કરાવશે તો સાંખી નહીં લેવાય તંત્ર પોતાની મર્યાદામાં રહે જાહેર નામા માં પોલીસ વેપારીને કનડગત કરી કડકાઈ દાખવશે તો જોયા જેવી થશે. વહીવટી તંત્ર પોતાની મર્યાદામાં રહે અન્યથા અમારે વહીવટીતંત્ર સામે લાલ આંખ કરી આંદોલન કરવાની ફરજ પડશે.

વેક્સિન ફરજિયાત લેવાની વાતને કાયદાનું સ્વરૂપ આપી ઠોકી બેસાડાય છે અને ધાક ધમકીઓ અપાય છે જ્યારે વેક્સિન માટે વહીવટી તંત્ર ધક્કા ખવડાવે છે. વેક્સિન લેવા આવનાર ને ધક્કા ઓ મારી બહાર કાઢી મુકાય છે. વેક્સિનની અછત માટે જવાબદાર કોણ ? શા માટે આવા લોકો સામે સખ્તાઈથી કામ લેવાતું નથી અને વેક્સિનની અછતમાં વહીવટી તંત્ર જવાબદારોની શા માટે લાજ કાઢે છે ? રાજકોટના તમામ વેક્સિન સેન્ટર પર કો-વેક્સિન અને કોવિશિલ્ડ બંને પ્રકારની વેક્સિનો દરેક સેન્ટરો પર ઉપલબ્ધ હોવી જોઈએ વધુ વેક્સિન સેન્ટરો પણ હાલ ખોલવાની જરૂર છે વેક્સિન માટે નો સમય રાત્રે ૦૯:૦૦ સુધી કરવા અમારી અપીલ છે વધુ સમય કરવામાં આવે તો વેપારીઓ પોતાની અનુકુળતાએ અને સમયે વેક્સિન લઇ શકે. કેન્દ્ર સરકારની પણ સૂચના છે કે વેક્સિન એ ફરજીયાત નથી.

કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગાર સતત બંધ રહ્યા છે. વેપારીઓની જ્યારે હાલ ગાડી પાટા પર ચઢી રહી છે ત્યારે બિનજરૂરી દબાણ ન કરવા અમારી અપીલ છે. વેપારીઓની લાગણી જોતા તેઓ વેક્સિન લેવા ઉત્સુક છે. જો દબાણ નીતિ અપનાવશે તો તેમાં પરિવર્તન આવી શકે છે. જો પોલીસ વેપારીઓના ધંધા રોજગાર બંધ કરાવી ધોકો પછાડશે અને હકારાત્મક ને બદલે નકારાત્મક વલણ અપનાવશે તો અમારે રાજકોટના વેપારીઓની સાથે રાખીને પોલીસ સામે જલદ આંદોલન કરવું પડશે તેમ અંતમાં આસવાણી, ઝાલા, આહુજા, શાહે જણાવ્યું છે.

## રાજકોટઃ ઉપલાકાંઠાના ૨૦૦ કાર્યકરો 'આપ' માં જોડાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેર સંગઠન મહામંત્રી રાહુલ ભુવા અને મહામંત્રી સંજયસિંહ વાઘેલાના પ્રયાસોથી શહેરના ઉપલાકાંઠા વિસ્તારમાંથી ૨૦૦

(અનુ.પાના નં.૪ ઉપર)

# આજે પણ રાજકોટમાં કોવિશિલ્ડ ખલ્લાસ, એક અઠવાડિયા સુધી રાહ જોવી પડશે

### ૨૦ હજારના ટાર્ગેટ સામે માત્ર ૬ હજારને રસી, બાકીનાને ધક્કા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં કોરોના પ્રતિરોધક રસી માટે આજે પણ વેક્સિનેશન કેન્દ્ર પર વહેલી સવારથી જ લોકોની લાઇનો જોવા મળી હતી. પરંતુ વેક્સિનનો પુરતો જથ્થો ન હોવાને કારણે વેક્સિનેશનના મહાઅભિયાનને બ્રેક લાગી ગઈ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોજ ૨૦ હજાર વેક્સિનના ડોઝ આપવાનો ટાર્ગેટ છે. પરંતુ તેની સામે છેલ્લા એક અઠવાડિયાથી ૬ હજારનું વેક્સિનેશન થઇ રહ્યું છે. બાકીનાને ધક્કા ખાવા પડી રહ્યાં છે. જેમાં કોવિશીલ્ડનો અપુરતો જથ્થો હોવાને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજકોટમાં આજે ૫૦ ટકા રસીકરણ કેન્દ્ર બંધ છે. વડીલો વેક્સિન માટે ટળવળી રહ્યા છે અને રસીકરણ કેન્દ્રો પરથી ધક્કા ખાય રહ્યા છે.

શહેરના નારાયણનગર આરોગ્ય કેન્દ્ર ખાતે આજે લોકો વેક્સિન અપાવવા માટે ઉમટ્યા હતા. વહેલી સવારથી જ લોકોએ લાઇન લગાવી હતી. પરંતુ કોવિશિલ્ડનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી લોકો ટળવળ્યા હતા. મોટી ઉંમરના લોકો પણ ધક્કા ખાય રહ્યા છે પરંતુ વેક્સિન મળતી નથી. આથી લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ જણાવ્યું હતુ કે, જંક્શન પ્લોટમાં પહેલો ડોઝ લીધો હતો. ૮૪ દિવસની મુદ્દત પુરી થતા હું બીજો ડોઝ લેવા માટે રઝળપાટ કરી રહ્યો છું. બીજો ડોઝ લેવા માટે અલગ અલગ ચાર જગ્યાએ ધક્કા ખાધા પણ વેક્સિન તો મળી જ નહીં. રસીકરણ

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.